

RNI No. GUJGUJ/2016/70752
NAVSARJAN SANSKRUTI

# નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 09
Issue : 287
Dt.: 23-08-2025,
Saturday
Page:04
Rs.00.50 paisa

EDITOR : RAGINI JIGNESHKUMAR VAGHELA Regd. Office : B/13, Sneh Plaza Shopping Centre, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Gujarat, India.
Phone : 76983 33307 (M) 84859 51747, 70963 33307 ● Email : navsarjansanskruti2016@gmail.com ● Email : navsarjansanskruti2016@yahoo.com ● Website : www.navsarjansanskruti.com

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી પશ્ચિમ બંગાળમાં બોલ્યા

# કેન્દ્ર સરકાર બંગાળની જનતા માટે પૈસા મોકલે છે, પરંતુ જાય છે TMC પાસે

## વડાપ્રધાન મોદીએ કોલકાતામાં ૫,૨૦૦ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

બિહારના ગયાજી પછી વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે પશ્ચિમ બંગાળની રાજધાની કોલકાતાને મોટી ભેટ આપી છે.

વડાપ્રધાને ૫,૨૦૦ કરોડ રૂપિયાથી વધુના પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો. આમાં મુખ્યત્વે ત્રણ નવા મેટ્રો રૂટનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, હાવડા સ્ટેશન પર સબવેનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું અને ૭.૨ કિમી લાંબા કોના એક્સપ્રેસ વેનો શિલાન્યાસ કરવામાં આવ્યો હતો.

જાહેર સભાને સંબોધતા વડા પ્રધાને કહ્યું કે ભારત સમગ્ર વિશ્વમાં ત્રીજું સૌથી મોટું મેટ્રો નેટવર્ક ધરાવે છે. વડાપ્રધાને એમ પણ કહ્યું કે પશ્ચિમ બંગાળમાં ભાજપની સરકાર આવે તે જરૂરી છે જેથી કેન્દ્ર સરકાર પ.બંગાળની જનતા માટે જે પૈસા મોકલે છે તે કોઈપણ અવરોધ વિના તેમના સુધી પહોંચી શકે

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ વડા પ્રધાન મોદીના કાર્યક્રમમાં હાજરી આપી ન હતી. પરંતુ, તેમણે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર મેટ્રો રૂટના ઉદ્ઘાટન વિશે ટ્વિટ કર્યું. તેમણે લખ્યું, 'ભારતના રેલ્વે પ્રધાન તરીકે, મને કોલકાતામાં અનેક મેટ્રો રેલ કોરિડોરનું આયોજન અને મંજૂરી આપવાનું સૌભાગ્ય મળ્યું. તે મારું સૌભાગ્ય હતું કે મેં દરેક સ્તરે કામ કર્યું. મને ગર્વ છે કે પાછળથી, પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી તરીકે, મેં આ પ્રોજેક્ટ્સના અમલીકરણમાં સક્રિય ભૂમિકા ભજવી.'પ્રધાનમંત્રીએ કહ્યું, મેં નોઆપરા-જય હિંદથી વિમાનબંદર સુધીની મેટ્રોનો આનંદ માણ્યો છે. આ સમય દરમિયાન, મને ઘણા સાથીદારોને મળવાની તક મળી. દરેક વ્યક્તિ ખુશ છે કે કોલકાતાના જાહેર પરિવહનનું આધુનિકીકરણ થઈ રહ્યું છે. છ લેનવાળા કોના એક્સપ્રેસવેનો શિલાન્યાસ પણ કરવામાં આવ્યો. હજારો કરોડ રૂપિયાના આ પ્રોજેક્ટ્સ માટે કોલકાતા અને બંગાળના લોકોને અભિનંદન.


તેમણે કહ્યું, કોલકાતા જેવા શહેરો ભારતના ઈતિહાસ અને આપણા ભવિષ્ય બંનેની સમૃદ્ધ ઓળખ છે. આજે, જ્યારે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે, ત્યારે ડમ ડમ, કોલકાતા જેવા શહેરોની ભૂમિકા ખૂબ જ મહત્વપૂર્ણ છે. તેથી, મેટ્રોના ઉદ્ઘાટન અને એક્સપ્રેસવેના શિલાન્યાસ કરતાં આજનો સંદેશ મોટો છે. આ ઘટના એ વાતનો પુરાવો છે કે આજનું ભારત તેના શહેરોને કેવી રીતે બદલી રહ્યું છે. આજે ભારતના શહેરોમાં ગ્રીન મોબિલિટી માટે પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. ઈલેક્ટ્રિક ચાર્જિંગ પોઈન્ટ અને ઈલેક્ટ્રિક બસોની સંખ્યામાં સતત વધારો કરવામાં આવી રહ્યો છે.

વસ્તીની દ્રષ્ટિએ પશ્ચિમ બંગાળ દેશના સૌથી મોટા રાજ્યોમાંનું એક છે. તેથી, જ્યાં સુધી બંગાળનો વિકાસ નહીં થાય, ત્યાં સુધી વિકસિત ભારતની યાત્રા સફળ થશે નહીં. તેથી, છેલ્લા અગિયાર વર્ષોમાં, કેન્દ્ર સરકારે બંગાળના વિકાસ માટે સતત દરેક પ્રકારની મદદ પૂરી પાડી છે. ભારત સરકારે પશ્ચિમ બંગાળને રાષ્ટ્રીય ધોરીમાર્ગોના નિર્માણ માટે કોંગ્રેસની યુપીએ સરકારોએ તેમના ૧૦ વર્ષમાં આપેલા પૈસા કરતાં ત્રણ ગણા વધુ પૈસા આપ્યા છે.

# PM-CM બિલ પર અમિત શાહના ચાબખા: કેજરીવાલે જેલ જતાં પહેલાં રાજીનામું આપી દીધું હોત તો આજે આ પ્રકારના કાયદાની જરૂર ન પડત

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશના કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે તાજેતરમાં કેરળ પ્રવાસ દરમિયાન એક મહત્વપૂર્ણ નિવેદન આપ્યું હતું જેમાં તેમણે કહ્યું હતું કે દેશના વડા પ્રધાન, મુખ્યમંત્રીઓ કે મંત્રીઓ જો ગંભીર ગુનાહિત આરોપોમાં જેલમાં જાય અને છતાં પદ પરથી રાજીનામું ન આપે, તો શું તે લોકશાહી અને નૈતિકતા માટે યોગ્ય છે? અમિત શાહે જણાવ્યું કે ૭૦ વર્ષ પહેલા એક ઘટના આવી હતી જેમાં ઘણા નેતાઓ જેલ ગયા હતા પરંતુ તમામે જેલમાં જતાં પહેલાં રાજીનામું આપી દીધું હતું. પરંતુ આજે એક અલગ જ પરિસ્થિતિ જોવા મળી રહી છે જ્યાં દિલ્હી રાજ્યના ભૂતપૂર્વ મુખ્યમંત્રી જેલમાં હોવા છતાં સરકાર ચલાવી રહ્યા હતા. તેમણે ખાસ કરીને અરવિંદ કેજરીવાલનો ઉલ્લેખ કર્યા વિના તેમનો ઉલ્લેખ કર્યો. આ બેકડ્રોપમાં કેન્દ્ર સરકારે લોકસભામાં એક બિલ રજૂ કર્યું છે જેમાં જાહેર પદ ધારકો માટે ખાસ જોગવાઈ રાખવામાં આવી છે. નવા બિલ અનુસાર જો વડાપ્રધાન, મુખ્યમંત્રી કે મંત્રી સામે એવા ગુનાઓમાં કેસ નોંધાય છે જેમાની સજાની જોગવાઈ પાંચ વર્ષ કે તેથી વધુ હોય અને તેઓ ૩૦ દિવસથી વધુ સમય સુધી કસ્ટડીમાં હોય, તો ધરપકડના ૩૧મા દિવસે તેઓ આપમેળે પદ પરથી દૂર કરવામાં આવશે. વધુમાં કેન્દ્રીય મંત્રી અમિત શાહે કહ્યું કે જો કેજરીવાલે જેલ જતાં પહેલાં રાજીનામું આપી દીધું હોત તો આજે આ પ્રકારના કાયદાની જરૂર ન પડત. તેમણે ઉમેરીને કહ્યું કે બંધારણ બનાવતી વખતે એવું કલ્પનાય નહોતું કે જેલમાં ગયેલા નેતાઓ પદ પર



ચોંટેલા રહેશે. ''અમે એવું માનતા હતા કે નૈતિકતા મુખ્ય સ્થાન લેશે, પરંતુ આજે તેનો અભાવ જોવા મળે છે. હવે બંધારણમાં સુધારા કરવાની જરૂર ઊભી થઈ છે,'' એમ મંત્રીએ જણાવ્યું હતું. નવા બિલ મુજબ, રાજ્યના મુખ્યમંત્રીઓ અને મંત્રીઓ માટે પણ આવી જ જોગવાઈ લાગુ પડશે. કલમ ૧૬૪માં ફેરફાર કરીને એ ઉમેરવામાં આવશે કે જો મુખ્યમંત્રી અથવા મંત્રી કસ્ટડીમાં હોય અને ૩૦ દિવસ પૂરા થાય તો ૩૧મા દિવસે તેઓ પદ પરથી આપમેળે દૂર થશે. જો તેમની પાસે જામીન મળે તો તેઓ ફરીથી પદ પર નિમાઈ શકે છે,શાસક પક્ષ તેમ ઈચ્છે. આ બિલની સામે વિપક્ષે કડક આક્ષેપ કર્યા છે અને તેને રાજકીય રીતે પ્રેરિત જણાવ્યું છે, પણ શાહે સ્પષ્ટ કર્યું કે આ બિલ કોઈ પક્ષ માટે નથી. ''જો આવો કાયદો બને છે તો તે ભાજપના મુખ્યમંત્રીઓ અને વડાપ્રધાન પર પણ લાગુ પડશે,'' એમ તેમણે જણાવ્યું. નૈતિકતા, સંવિધાનિક જવાબદારી અને જાહેર જીવનમાં પારદર્શિતાને ધ્યાનમાં રાખતા, આ બિલ દેશના રાજકીય સંસ્કૃતિમાં એક મોટા પરિવર્તન તરફ ઈશારો કરે છે. હવે જોવાનું એ રહેશે કે આ બિલ સંસદમાં કેટલી સહમતિ મેળવી શકે છે અને કાયદાની રૂપે અમલમાં ક્યારે આવે છે.

### ઓનલાઈન મની ગેમિંગ સેવાઓ પર પ્રતિબંધ આવશે

# હવે ઓનલાઈન ગેમિંગ બિલ બન્યું કાયદો, રાષ્ટ્રપતિ મૂર્મુએ આપી મંજૂરી

## ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે ૨૦ ઓગસ્ટના રોજ લોકસભામાં ઓનલાઈન ગેમિંગ પ્રમોશન અને રેગુલેશન બિલ રજૂ કર્યું હતું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ઓનલાઈન મની ગેમિંગ પર પ્રતિબંધ મૂકતા બિલને સંસદની મંજૂરી બાદ હવે રાષ્ટ્રપતિ દ્રૌપદી મૂર્મુએ પણ લીલીઝંડી આપી દીધી છે, જેના પછી હવે તે કાયદો બની ગયો છે. આ કાયદા હેઠળ બધી ઓનલાઈન મની ગેમિંગ સેવાઓ પર પ્રતિબંધ મૂકવામાં આવશે અને આવી રમતો પૂરી પાડનારાઓને ત્રણ વર્ષ સુધીની જેલ અને એક કરોડ રૂપિયા સુધીના દંડની જોગવાઈ છે. જણાવી દઈએ કે, વિવિધ ઓનલાઈન સટ્ટાબાજી એપ્સના આશરે ૨૨ કરોડ ભારતીય યુઝર્સ છે, જે પૈકી ૧૧ કરોડ નિયમિત રીતે તેનો ઉપયોગ કરે છે. એક અંદાજ મુજબ, દર વર્ષે ૪૫ કરોડ લોકો આ ઓનલાઈન મની ગેમ્સના ચક્કરમાં ફસાઈને ૨૦ હજાર કરોડથી વધારે રકમ ગુમાવે છે. આજે (૨૨ ઓગસ્ટ) રાષ્ટ્રપતિની મંજૂરી સાથે જ હવે આ કાયદો બની ગયો છે અને તેની જોગવાઈઓ લાગૂ થઈ ગઈ છે. અત્રે ઉલ્લેખનીય છે કે, પ્રમોશન એન્ડ રેગુલેશન ઓફ ઓનલાઈન ગેમિંગ બિલ ૨૦ ઓગસ્ટના રોજ લોકસભા અને ૨૧ ઓગસ્ટના રોજ રાજ્યસભામાં પસાર થયું હતું. બંને ગૃહોમાં આ બિલ આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે રજૂ કર્યુ હતું. ઈલેક્ટ્રોનિક્સ અને આઈટી મંત્રી અશ્વિની વૈષ્ણવે ૨૦ ઓગસ્ટના રોજ લોકસભામાં ઓનલાઈન ગેમિંગ પ્રમોશન અને રેગુલેશન બિલ રજૂ કર્યું હતું. તેમણે કહ્યું કે, 'ગત ૧૧ વર્ષમાં ડિજિટલ ટૅક્નોલૉજી ખૂબ ઝડપથી ફેલાઈ રહી છે. નવી ટૅક્નોલૉજી વિકસિત થઈ છે અને તેના કારણે દેશની એક નવી ઓળખ પણ બની છે. સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ આગળ વધી રહ્યા છે. ટૅક્નોલૉજીના અનેક લાભ છે, પરંતુ તેનું એક સેક્ટર એવું છે ઓનલાઈન ગેમિંગ, જે ખૂબ જ મહત્ત્વપૂર્ણ સેક્ટર બન્યું છે. ગેમિંગ સેક્ટરમાં ત્રણ સેગમેન્ટ છે. પહેલું સેગમેન્ટ છે ઈ-સ્પોર્ટ્સનું સેગમેન્ટ, જેમાં સ્ટ્રેટેજિક થિંકિંગ વધે છે અને વ્યક્તિ ટીમમાં કોઓર્ડિનેશન કરવાનું શીખે છે. બીજું સેગમેન્ટ છે ઓનલાઈન સોશિયલ ગેમ્સ. આપણે સૌએ ચેસ, સોલિટેયર, સુડોકુ જોઈ છે.આ એજ્યુકેશન, મેમરી વધારવા માટે પણ ઉપયોગી છે. ત્રીજું સેગમેન્ટ એવું છે, ઓનલાઈન મની ગેમ્સ, જે આજે સમાજમાં મોટી ચિંતાનો વિષય બન્યું છે. અનેક એવા પરિવારો છે, અનેક એવા વ્યક્તિઓ છે, જેમણે ઓનલાઈન મની ગેમ્સના કારણે એક એડિક્શન થઈ જાય છે. જીવનભરની કમાણી આવી બચત ગેમમાં ઉડાવી દેવામાં આવે છે. ફ્રોડ અને ચીટિંગ, અલ્ગોરિધમ્સ એવા હોય છે કે ખબર જ ન પડે કે કોણ કોની સાથે રમત રમી રહ્યું છે. અલ્ગોરિધમ્સ ઓપેક... અલ્ગોરિધમ્સ હોય છે, હાર નક્કી થઈ જાય છે. અનેક પરિવાર નષ્ટ થયા, એક્સટ્રીમ કેસ થયા, સુસાઈડ પણ થયા.

# એલ્વિશ યાદવના ઘરે ફાયરિંગ કરનારા શૂટરનું એન્કાઉન્ટર

(સંપૂર્ણ સમાચાર સેવા)ફરીદાબાદ

શુક્રવારે વહેલી સવારે એક એન્કાઉન્ટરમાં બાદ ઉત્તરપ્રદેશના ફરીદાબાદની પોલીસે એલ્વિશ યાદવના ઘરે ૨૫ રાઉન્ડ ફાયરિંગ કરનારા આરોપી શૂટરનું એન્કાઉન્ટર કર્યું હતું. જેમાં આરોપીને પગમાં ગોળી વાગી હતી. પછી ફરીદાબાદ પોલીસની ક્રાઈમ બ્રાન્ચે આરોપી શૂટરની ધરપકડ કરી હતી. પોલીસ સાથેની અથડામણ દરમિયાન બદમાશને પગમાં ગોળી વાગ્યા બાદ તેને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. એન્કાઉન્ટર દરમિયાન બંને તરફથી અનેક રાઉન્ડ ફાયરિંગ કરવામાં આવ્યું હતું. ધરપકડ કરાયેલ આરોપીનું નામ ઈશાંત ઉર્ફે ઈશુ ગાંધી હોવાનું જાણવા મળી રહ્યું છે.૧૭ ઓગસ્ટ રવિવારની સવારે બે નકાબધારી હુમલાખોરોએ ગુરુગ્રામ સેક્ટર ૫૭માં યુટ્યુબર એલ્વિશ યાદવના ઘરની બહાર બે ડઝનથી વધુ ગોળીઓ ચલાવી હતી. ગોળીબાર પછી ભાઉ ગેંગે સોશિયલ મીડિયા પોસ્ટ પોસ્ટ કરીને હુમલાની જવાબદારી લીધી હતી.

# સંસદ ભવનની દીવાલ કૂદી ગરુડ દ્વાર સુધી પહોંચેલો યુવક પકડાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતના સંસદ ગૃહમાં સુરક્ષામાં મોટી ચૂક છે. એક અજાણ્યો શખસ દિવાલ કૂદી સંસદ ભવનમાં ઘુસી ગયો હતો. આટલું જ નહીં તે છેક ગરૂડ ભવન સુધી પહોંચી ગયો હતો. આ ઘટના આજે સવારે લગભગ સાડા છ વાગ્યે બની હતી. રેલભવન તરફથી વૃક્ષ પર ચડી તેણે સંસદ ભવનની દિવાલ કુદાવી હતી. સુરક્ષા કર્મીઓની નજર પડતાં જ તેને તુરંત જ ઝડપી લીધો હતો. સુરક્ષા કર્મીઓએ ગરૂડ ભવન તરફ જતાં એક શખસને જોતાં તુરંત તેને અટકાવ્યો હતો. તેની અટકાયત કરી સંસદ ભવનમાં ઘૂસવા પાછળનું કારણ જાણવા પૂછપરછ હાથ ધરાઈ છે. આરોપીની ઓળખ હજુ સુધી થઈ નથી. ૨૦૨૩માં પણ સંસદ ભવનની સુરક્ષામાં ચૂક થઈ હતી. ૧૩ ડિસેમ્બર, ૨૦૨૩ના રોજ સંસદ ભવનમાં છ લોકો ઘૂસી ગયા હતા. જેમાં સાગર શર્મા અને મનોરંજન નામના યુવકે લોકસભાની મુલાકાતીઓની ગેલેરીમાં પહોંચી પોતાના જૂતામાં છુપાયેલા ડબ્બામાંથી પીળો ધુમાડો છોડ્યો હતો.

અન્ય બે યુવક અમોલ શિંદે અને નીલમ આઝાદ સૂત્રોચ્ચાર કરતાં અને રંગીન ધુમાડો છોડતા સંસદમાંથી બહાર નીકળ્યા હતાં. આ લોકોને મૈસુરના ભાજપના સાંસદ પ્રતાપ સિંહાના નામે પાસ આપવામાં આવ્યા હતા. લલિત જ્હાં અને મહેશ કુમાવત આ ઘટનાના મુખ્ય સૂત્રધાર હતા. દિલ્હી પોલીસે તમામ પાંચ લોકોની ધરપકડ કરી હતી. લલિત જ્હાં ફરાર થયો હતો.

છ આરોપી વિરૂદ્ધ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ (નિવારણ) અધિનિયમ (UAPA) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો. સંસદની સુરક્ષામાં ભંગ માટે કોની ભૂલ જવાબદાર હતી અને આરોપીઓ લોકસભાની અંદર પહોંચ્યા તે જાણવા માટે આ મામલાની તપાસ કરવા માટે CRPF જનરલ ડિરેક્ટર અનિશ દયાલ સિંહના નેતૃત્વમાં એક તપાસ સમિતિની રચના કરવામાં આવી હતી.

લોકસભા સચિવાલયના ૮ સુરક્ષા કર્મચારીઓને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. સંસદમાં સાંસદોના અંગત સહાયકોના પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો હતો.

દેશના સંસદ ગૃહમાં અગાઉ ૨૦૦૧માં આતંકી હુમલો પણ થયો હતો. ૧૩ ડિસેમ્બર, ૨૦૦૧ના રોજ જૈશ-એ-મોહમ્મદના પાંચ આતંકવાદી સંસદમાં ઘૂસ્યા હતા અને હુમલો કર્યો હતો. સંસદમાં ઘૂસવા માટે તેમણે ગૃહ મંત્રાલયની નકલી કારનો ઉપયોગ કર્યો હતો. તેઓ હથિયારોથી સજ્જ હતા. આ આતંકી હુમલામાં નવ લોકોના મોત થયા હતા. દિલ્હી પોલીસ અને સેનાએ પાંચેય આતંકીના ઢીમ ઢાળી દીધા હતા. આ હુમલામાં દિલ્હી પોલીસના પાંચ કર્મચારીઓ, એક સીઆરપીએફ જવાન અને બે સંસદના સિક્યોરિટી ગાર્ડ તેમજ એક માળી મોતને ભેટ્યા હતાં. હવે સંસદ ભવનમાં આઈડી કાર્ડના આધારે જ પ્રવેશ મળે છે.

### દક્ષિણ અમેરિકાના ડ્રેક પેસેજ વિસ્તારમાં ભૂકંપ

# અમેરિકામાં ભૂકંપનો જોરદાર આંચકો આવ્યો, ૮.૦ની તીવ્રતા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

દક્ષિણ અમેરિકામાં ભૂકંપના જોરદાર આંચકા અનુભવાયા હતા. પ્રારંભિક માહિતી અનુસાર, તેની તીવ્રતા ૮.૦ માપવામાં આવી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, આ આંચકા ડ્રેક પેસેજ વિસ્તારમાં અનુભવાયા હતા. આ તીવ્રતાના ભૂકંપમાં, રહેણાંક વિસ્તારોમાં ઈમારતો સામાન્ય રીતે પત્તાના ઢગલા જેવી તૂટી પડે છે. અમેરિકામાં આ પહેલા પણ પેરુમાં આ તીવ્રતાનો ભૂકંપ આવી ચૂક્યો છે.

દક્ષિણ અમેરિકાના ડ્રેક પેસેજ વિસ્તારમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપ સામાન્ય ભૂકંપ કરતા ઘણો ખતરનાક હતો, કારણ કે તેની તીવ્રતા ૮.૦ માપવામાં આવી હતી. આ તીવ્રતાના ભૂકંપમાં સુનામીની ચેતવણી જાહેર કરવામાં આવે છે. USGS અનુસાર, આ ભૂકંપની ઊંડાઈ ૧૦.૮ કિલોમીટર હોવાનું જાણવા મળી રહ્યું છે.

અમેરિકામાં પહેલા પણ ૮.૦ અને તેથી વધુ તીવ્રતાના ભૂકંપ આવી ચૂક્યા છે. જો આપણે અહેવાલો પર નજર કરીએ તો, અલાસ્કામાં ૮.૦ થી ૯ ની તીવ્રતાના સૌથી વધુ ભૂકંપ નોંધાયા છે. આ પછી, એક વિશાળ સુનામી પણ જોવા મળી હતી. આ તીવ્રતાના ભૂકંપથી સુનામી, ઈમારતો અને પુલ ધરાશાયી થઈ શકે છે. ઉપરાંત, હવાઈ સેવાઓ સહિત ઘણી મહત્વપૂર્ણ બાબતોને અસર થઈ શકે છે.આ પહેલા પણ તુર્કીમાં અનેક વખત ભૂકંપના આંચકા અનુભવાયા છે. ૧૦ ઓગસ્ટના રોજ આવેલા ભૂકંપની તીવ્રતા ૬.૧ માપવામાં આવી હતી. ઘણી ઈમારતો ધરાશાયી થઈ હતી અને ઘણા લોકો ઘાયલ થયા હતા. જ્યારે જાપાનમાં ૮ ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો ત્યારે ત્યાં સુનામીની ચેતવણી જારી કરવામાં આવી હતી.

આજે કચ્છમાં રાત્રે ભૂકંપના બે આંચકા અનુભવાયા હતા. પૂર્વ કચ્છના રાપર અને ભચાઉ નજીક ભૂકંપના આંચકા અનુભવાયા હતા. ભૂકંપના આચકાની તીવ્રતા ૩.૪ અને ૨.૭ની અંકાઈ હતી. રાત્રે ૧૦.૧૯ મિનિટે ૨.૭ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. ભચાઉથી ૨૦ કિમી દૂર ભૂકંપનું કેંદ્રબિંદુ નોંધાયું છે.



# તંત્રી લેખ......

## ઓનલાઈન રમાતો જુગાર નાથવા નિર્ણાયક પગલું

ઈન્ટરનેટના વધતા વ્યાપ અને ઉપયોગના ફાયદાની સાથોસાથ જોખમો પણ વધ્યાની ચર્ચા લાંબા સમયથી ચાલતી રહી છે. ઓનલાઈન દૂષણોમાં દિવસોદિવસ વિસ્તરી રહેલા ગેમિંગના રૂપાળાં નામ સાથેની જુગારની એપ્લિકેશન સામે આખરે સરકારે નિયંત્રણો લાદતો ખરડો સંસદમાં પસાર કરાવ્યો છે. પોમોશન એન્ડ રેગ્યુલેશન ઓફ ઓનલાઈન ગેમિંગ બિલથી આ ગેમિંગમાં કરોડો રૂપિયા ગુમાવતા ખેલાડીઓનાં રક્ષણની ઉપર સરકારે ધ્યાન આપ્યું છે.ઈન્ટરનેટના સથવારે મોબાઈલ ફોન કે કોમ્પ્યુટરનાં માધ્યમથી ઓનલાઈન ગેમ્સ રમનારાની સંખ્યા દેશમાં ૪૫ કરોડને પાર થઈ ગઈ છે. ખેલાડીઓની વધી રહેલી સંખ્યા અને રસની રોકડી કરવા બિલાડીના ટોપની જેમ ગેમિંગ એપ્લિકેશનો વધી રહી હતી. ગયા વર્ષના આંકડા મુજબ દેશમાં આવી રમતોનું બજાર ૩૧,૯૩૮ કરોડ રૂપિયાનું હતું. મહત્ત્વ અને ચિંતાની બાબત એ છે કે, ભારતના ઓનલાઈન ગેમિંગના આ બજારમાં ૮૫.૭ ટકા હિસ્સો રૂપિયાની હારજીતનો રહ્યો છે. સૌ જાણે છે કે, આવી મોટાભાગની ઓનલાઈન રમતો જુગારનો પર્યાય બની ગઈ છે. એક અંદાજ મુજબ દેશમાં આવા ગેમિંગના રવાડે ચડીને લોકો ૨૦ હજાર કરોડ રૂપિયા ગુમાવે છે. હાલે આ બેલગામ ક્ષેત્રને નાથવા માટે કોઈ કાયદાકીય વ્યવસ્થા અમલમાં ન હોવાથી તેનું દૂષણ સતત વધી રહ્યંુ હતું. હવે સરકારે આ ખરડો બુધવારે લોકસભામાં અને ગુરુવારે રાજ્યસભામાં પસાર કરાવતાં આગામી દિવસોમાં રાષ્ટ્રપતિની સહી સાથે નવો કાયદો અમલી બની જશે.

આમ તો ઓનલાઈન ગેમિંગ સામે સરકારે લાંબા સમયથી તપાસ આદરી હતી. ઈલેક્ટ્રોનિક્સ અને ઈન્ફોર્મેશન ટેક્નોલોજી મંત્રાલયે એક ટાસ્ક ફોર્સની રચના કરીને આ તપાસ સોંપી હતી. આ ટાસ્ક ફોર્સે ૨૦૨૨માં તેની ભલામણો સરકારને સોંપી હતી, જેમાં આવો નવો કાયદો બનાવવાનું પણ સૂચન હતું. આ નવો કાયદો જુગાર જેવી ઓનલાઈન ગેમ્સની સામે કામ કરવાની સાથોસાથ સામાજિક અને શૈક્ષણિક હેતુસરની ઓનલાઈન રમતોને ઉત્તેજન આપશે અને તેમને કાયદેસરનું સ્વરૂપ પણ આપશે. આમ તો આવી ઓનલાઈન એપ્સ સરકારને અત્યાર સુધી વર્ષે દિવસે રૂા ૨૫ હજાર કરોડના ટેક્સની આવક કરાવતી રહી છે. સાથોસાથ તેમાં એટલી જ રકમનું સીધું વિદેશી રોકાણ પણ દેશને મળે છે. હવે આ નવા કાયદાના અમલની સાથે સરકારને વર્ષે રૂા. ૨૦ હજાર કરોડના ટેક્સની ખોટ આવી શકે છે. નવા કાયદાથી દેશમાં ઉપયોગમાં લેવાતી ૧૧૦૦થી વધુ ઓનલલાઈન ગેમિંગ કંપનીઓ અને તેમને સંલગ્ન ૪૦૦ જેટલા સ્ટાર્ટઅપને ફટકો મળી શકે છે, પણ આવી રમતોની લતને લીધે પોતાની કમાણી ગુમાવતા કરોડો લોકોનાં નાણાં બચી શકશે અને તેમને આત્મહત્યા જેવા જોખમી ઉપાય કરતા રોકી શકાશે. સરકારે આ કાયદાના અમલની સાથે નિર્દોષ રમતોને કાયદેસરની મદદ કરવા પર પણ ધ્યાન આપીને ઓનલાઈન ગેમિંગના ઉદ્યોગને ખરા અર્થમાં મનોરંજનનાં માધ્યમનો દરજ્જો આપવાની યોજના પણ ઘડી કાઢવી જોઈએ.

# ડેઈલી માર્કેટ રિપોર્ટઃ કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦૩૧૫ કરોડ અને કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૪૨૧૪ કરોડનું ટર્નઓવર

### સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૭૫૪૪.૫૭ કરોડનાં કામકાજઃ બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ વાયદો ૨૩૨૦૧ પોઈન્ટના સ્તરેઃ સોનાના વાયદાના ભાવમાં રૂ.૧૦૨ અને ચાંદીના વાયદામાં રૂ.૧૫૦ની નરમાઈઃ ક્રૂડ તેલના વાયદામાં રૂ.૨૪ની વૃદ્ધિ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૯૪૫૨૯.૯૯ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કોમોડિટી વાયદાઓમાં રૂ.૧૦૩૧૫.૨૯ કરોડનાં કામકાજ થયાં હતાં. કોમોડિટી ઓપ્શન્સમાં રૂ.૮૪૨૧૪.૫૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. બુલિયન ઈન્ડેક્સ બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૨૦૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો. કોમોડિટી ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ ટર્નઓવર રૂ.૯૧૭.૨૭ કરોડનું થયું હતું.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીના વાયદાઓમાં રૂ. ૭૫૪૪.૫૭ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ સોનું ઓક્ટોબર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૩૦૧ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૯૭૫૦ અને નીચામાં રૂ.૯૯૧૭૩ના સ્તરને સ્પર્શી, રૂ.૯૯૪૩૫ના આગલા બંધ સામે રૂ.૧૦૨ ઘટી રૂ.૯૯૩૩૩ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-ગિની ઓગસ્ટ વાયદો ૮ ગ્રામદીઠ રૂ.૭૯ ઘટી રૂ.૭૯૫૦૯ના સ્તરે પહોંચ્યો હતો. ગોલ્ડ-પેટલ ઓગસ્ટ વાયદો ૧ ગ્રામદીઠ રૂ.૨ વધી રૂ.૯૯૫૬ થયો હતો. સોનું-મિની સપ્ટેમ્બર વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૩ ઘટી રૂ.૯૮૯૪૨ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ગોલ્ડ-ટેન ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૯૯૧૭૬ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૯૯૨૦૦ અને નીચામાં રૂ.૯૮૯૩૦ના મથાળે અથડાઈ, રૂ.૯૯૨૧૪ના આગલા બંધ સામે રૂ.૧૬૯ ઘટી રૂ.૯૯૦૪૫ના ભાવે બોલાયો હતો.

ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો કિલોદીઠ રૂ.૧૧૩૭૪૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૧૧૩૮૨૮ અને નીચામાં રૂ.૧૧૩૨૭૦ના મથાળે અથડાઈ, રૂ.૧૧૩૭૦૬ના આગલા બંધ સામે રૂ.૧૫૦ ઘટી રૂ.૧૧૩૫૫૬ થયો હતો. કિલોદીઠ ચાંદી-મિની ઓગસ્ટ વાયદો રૂ.૨૨૩ ઘટી રૂ.૧૧૩૧૮૫ થયો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ વાયદો રૂ.૧૨૪ ઘટી રૂ.૧૧૩૨૬૮ના સ્તરે પહોંચ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં રૂ. ૯૨૮.૬૦ કરોડનાં કામકાજ થયાં હતાં. કિલોદીઠ તાંબું ઓગસ્ટ વાયદો ૫૫ પૈસા વધી રૂ.૮૭૭.૮૫ થયો હતો. જસત ઓગસ્ટ વાયદો ૮૫ પૈસા વધી રૂ.૨૬૫.૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. એલ્યુમિનિયમ ઓગસ્ટ વાયદો ૫ પૈસા ઘટી રૂ.૨૫૦.૨ના સ્તરે પહોંચ્યો હતો. સીસું ઓગસ્ટ વાયદો ૪૦ પૈસા વધી રૂ.૧૭૯.૭૫ થયો હતો. એનર્જી સેગમેન્ટમાં રૂ. ૧૭૩૨.૮૯ કરોડનાં કામકાજ થયાં હતાં. એમસીએક્સ ઈલેક્ટ્રિસિટી ઓગસ્ટ વાયદો એમડબલ્યુએચદીઠ રૂ.૪૨૪૩ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૪૨૫૯ અને નીચામાં રૂ.૪૨૩૯ના મથાળે અથડાઈ, રૂ.૩ ઘટી રૂ.૪૨૩૯ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ સપ્ટેમ્બર વાયદો બેરલદીઠ રૂ.૫૫૬૫ના ભાવે ખૂલી, ઉપરમાં રૂ.૫૬૦૩ અને નીચામાં રૂ.૫૫૫૦ના મથાળે અથડાઈ, રૂ.૫૫૬૩ના આગલા બંધ સામે રૂ.૨૪ વધી રૂ.૫૫૮૭ના સ્તરે પહોંચ્યો હતો. ક્રૂડ તેલ-મિની સપ્ટેમ્બર વાયદો રૂ.૨૫ વધી રૂ.૫૫૮૮ થયો હતો. નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો એમએમબીટીયુદીઠ રૂ.૨.૬ ઘટી રૂ.૨૪૫.૪ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. નેચરલ ગેસ-મિની ઓગસ્ટ વાયદો રૂ.૨.૬ ઘટી રૂ.૨૪૫.૪ના સ્તરે પહોંચ્યો હતો.

કૃષિચીજોના વાયદાઓમાં મેન્થા તેલ ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૯૫૩ના ભાવે ખૂલી, રૂ.૧.૨ વધી રૂ.૯૫૫.૬ના સ્તરે પહોંચ્યો હતો. એલચી ઓગસ્ટ વાયદો કિલોદીઠ રૂ.૨૬૫૦ના ભાવે ખૂલી, રૂ.૧૩ વધી રૂ.૨૬૭૭ના સ્તરે પહોંચ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં રૂ. ૩૬૧૧.૦૮ કરોડ અને ચાંદીના વિવિધ વાયદાઓમાં રૂ. ૩૯૩૩.૪૮ કરોડનાં કામકાજ થયાં હતાં. તાંબાના વાયદાઓમાં રૂ. ૫૦૨.૪૪ કરોડ, એલ્યુમિનિયમ અને એલ્યુમિનિયમ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૪૫.૨૭ કરોડ, સીસું અને સીસું-મિનીના વાયદાઓમાં રૂ. ૧૬.૯૭ કરોડ, જસત અને જસત-મિનીના વાયદાઓમાં રૂ. ૨૬૦.૪૯ કરોડનાં કામકાજ થયાં હતાં.

ઈલેક્ટ્રિસિટીના વાયદામાં રૂ. ૧૨.૦૦ કરોડનાં કામકાજ થયાં હતાં. ક્રૂડ તેલ અને ક્રૂડ તેલ-મિનીના વાયદાઓમાં રૂ. ૩૫૮.૬૪ કરોડનાં કામકાજ થયાં હતાં. નેચરલ ગેસ અને નેચરલ ગેસ-મિનીના વાયદાઓમાં રૂ. ૧૩૬૨.૨૫ કરોડનાં કામ થયાં હતાં. મેન્થા તેલના વાયદામાં રૂ. ૧૨.૨૩ કરોડનાં કામ થયાં હતાં. એલચીના વાયદામાં રૂ. ૧.૦૫ કરોડનાં કામ થયાં હતાં.

ઓપન ઈન્ટરેસ્ટ સોનાના વાયદાઓમાં ૧૫૪૦૬ લોટ, સોનું-મિનીના વાયદાઓમાં ૫૬૪૩૭ લોટ, ગોલ્ડ-ગિનીના વાયદાઓમાં ૧૮૬૩૮ લોટ, ગોલ્ડ-પેટલના વાયદાઓમાં ૨૫૧૨૫૧ લોટ અને ગોલ્ડ-ટેનના વાયદાઓમાં ૨૧૬૩૦ લોટના સ્તરે હતો. ચાંદીના વાયદાઓમાં ૨૨૧૯૭ લોટ, ચાંદી-મિનીના વાયદાઓમાં ૪૪૮૭૩ લોટ અને ચાંદી-માઈક્રો વાયદાઓમાં ૧૫૬૬૫૨ લોટના સ્તરે રહ્યો હતો. ઈલેક્ટ્રિસિટીના વાયદાઓમાં ૮૨૮ લોટ, ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૪૪૦૪ લોટ, નેચરલ ગેસના વાયદાઓમાં ૪૬૦૨૮ લોટના સ્તરે રહ્યો હતો. ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૨૩૨૦૦ પોઈન્ટના સ્તરે ખૂલી, ઉપરમાં ૨૩૨૦૧ પોઈન્ટના સ્તર અને નીચામાં ૨૩૨૦૦ પોઈન્ટના સ્તરને સ્પર્શી, ૩ પોઈન્ટ વધી ૨૩૨૦૧ પોઈન્ટના સ્તરે ટ્રેડ થઈ રહ્યો હતો.

કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં કોલ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦.૭ વધી રૂ.૧૭૭.૭ થયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન એમએમબીટીયૂદીઠ રૂ.૧.૮ ઘટી રૂ.૦.૮ના ભાવે બોલાયો હતો.

સોનું ઓગસ્ટ રૂ.૧૦૦૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮ ઘટી રૂ.૪૧૦ થયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૫૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૭૦ ઘટી રૂ.૪૫૯.૫ના ભાવે બોલાયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૮૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ ૨૪ પૈસા ઘટી રૂ.૧ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૧૮ વધી રૂ.૨.૧ થયો હતો. પુટ ઓપ્શન્સની વાત કરીએ તો, ક્રૂડ તેલ સપ્ટેમ્બર રૂ.૫૫૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન બેરલદીઠ રૂ.૧૦.૭ ઘટી રૂ.૧૪૬.૨ના ભાવે બોલાયો હતો. જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ રૂ.૨૪૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન એમએમબીટીયૂદીઠ ૫૦ પૈસા ઘટી રૂ.૦.૫ના ભાવે બોલાયો હતો. સોનું ઓગસ્ટ રૂ.૯૯૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન ૧૦ ગ્રામદીઠ રૂ.૫૭ વધી રૂ.૫૮૯ના ભાવે બોલાયો હતો. આ સામે ચાંદી ઓગસ્ટ રૂ.૧૧૩૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧૧૯ વધી રૂ.૮૬૧ થયો હતો. તાંબું ઓગસ્ટ રૂ.૮૭૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ ૩૧ પૈસા ઘટી રૂ.૦.૨ના ભાવે બોલાયો હતો. જસત ઓગસ્ટ રૂ.૨૬૫ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન કિલોદીઠ રૂ.૧.૨૨ ઘટી રૂ.૦.૧૯ના ભાવે બોલાયો હતો.

### મહેસાણા-પાલનપુર રેલવે લાઈનનું ડબલિંગ રૂા.૫૩૭ કરોડના ખર્ચે પૂર્ણ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો ગુજરાત પ્રવાસ; રૂા.૧,૪૦૦ કરોડથી વધુના રેલવે પ્રોજેક્ટ્સની આપશે ભેટ

### વડાપ્રધાનશ્રી કટોસણ રોડ અને સાબરમતી પેસેન્જર ટ્રેનનું કડીથી કરશે ફ્લેગ ઓફ, બેચરાજીથી કાર-લોડેડ માલગાડી સેવાનો કરશે શુભારંભ

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આગામી ૨૫ ઓગસ્ટ, ૨૦૨૫ના રોજ ગુજરાતની મુલાકાતે આવવાના છે, જ્યાં તેઓ રૂા.૧,૪૦૦ કરોડથી વધુના વિવિધ રેલવે પ્રોજેક્ટ્સ દેશને સમર્પિત કરશે. આ પ્રોજેક્ટ્સથી ખાસ કરીને ઉત્તર ગુજરાતના મહેસાણા, પાટણ, બનાસકાંઠા, ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાઓને લાભ થશે. આ રેલવે પ્રોજેક્ટ્સ રિજનલ કનેક્ટિવિટી, ઔદ્યોગિક વિકાસ, લૉજિસ્ટિક્સ કાર્યક્ષમતા અને રોજગાર સર્જનને પ્રોત્સાહન આપશે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી જે રેલવે પ્રોજેક્ટ્સ દેશને સમર્પિત કરશે, તેમાં રૂા.૫૩૭ કરોડના ખર્ચે તૈયાર થયેલ મહેસાણા-પાલનપુર રેલવે લાઈન (૬૫ કિમી)નું ડબલિંગ, રૂા.૩૪૭ કરોડના ખર્ચે કલોલ-કડી-કટોસણ રોડ રેલવે લાઈન (૩૭ કિમી)નું ગેજ કન્વર્ઝન અને રૂા.૫૨૦ કરોડના ખર્ચે બેચરાજી-રણુંજ રેલવે લાઈન (૪૦ કિમી)ના ગેજ કન્વર્ઝનનો સમાવેશ થાય છે. આ રેલવે પ્રોજેક્ટ્સ ખાસ કરીને ઉત્તર ગુજરાતના મહેસાણા, બનાસકાંઠા અને પાટણ જિલ્લાઓને બ્રૉડગેજ લાઈન દ્વારા સરળ, સલામત અને સીમલેસ કનેક્ટિવિટી પ્રદાન કરશે. આનાથી દૈનિક મુસાફરો, પ્રવાસીઓ અને વ્યવસાયો માટે મુસાફરી સરળ અને ઝડપી બનશે. તે પ્રાદેશિક આર્થિક એકીકરણને પણ પ્રોત્સાહન આપશે. વધારાની લાઈન ક્ષમતાના કારણે અમદાવાદ-દિલ્હી રૂટ પર વધુ ઝડપે ટ્રેનોનું સંચાલન થશે. આનાથી વધુ પેસેન્જર ટ્રેનો ચલાવવાનો માર્ગ મોકળો થશે અને માલગાડીઓની ગતિ અને કાર્યક્ષમતામાં પણ નોંધપાત્ર સુધારો થશે. આમ, આ પ્રોજેક્ટ્સ ગુજરાતની આર્થિક પ્રવૃત્તિઓને નવી ઊર્જા પ્રદાન કરશે.

બેચરાજી-રણુંજ રેલ લાઈનનું ગેજ કન્વર્ઝન નેશનલ લૉજિસ્ટિક્સ પૉલિસી અને પ્રધાનમંત્રી ગતિ શક્તિ રાષ્ટ્રીય માસ્ટર પ્લાન ફૉર મલ્ટિમૉડલ






કનેક્ટિવિટી અનુસાર કરવામાં આવ્યું છે. તેનો ઉદ્દેશ્ય લૉજિસ્ટિક્સ ખર્ચ ઘટાડવાનો અને ગુજરાત રાજ્યના લૉજિસ્ટિક્સ પર્ફોર્મન્સ ઈન્ડેક્સ રેંકિંગમાં વધુ સુધારો કરવાનો છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની આ પહેલ ઉત્તર ગુજરાતની સામાજિક-આર્થિક પ્રગતિને વધુ વેગ આપશે. આ ઉપરાંત, તે ભારતના લૉજિસ્ટિક્સ અને રેલવે ક્ષેત્રમાં એક નવો માપદંડ સ્થાપિત કરશે.

આ ઉપરાંત, વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી કટોસણ રોડ અને સાબરમતી વચ્ચે પેસેન્જર ટ્રેન સેવા અને બેચરાજીથી કાર-લૉડેડ માલગાડી સેવાનું પણ ઉદ્ઘાટન કરશે. કટોસણ-સાબરમતી રોડ નવી ટ્રેન સેવાના કારણે પ્રવાસન અને ધાર્મિક સ્થળો સુધી પહોંચવાની સુવિધા મળશે, સાથે તે સ્થાનિક સ્તરે આર્થિક પ્રવૃત્તિઓને પણ વેગ આપશે. તો બેચરાજીથી શરૂ થતી કાર-લોડેડ માલગાડી ટ્રેન રાજ્યના ઔદ્યોગિક વિસ્તારોને મજબૂત કનેક્ટિવિટી પ્રદાન કરશે.

આનાથી લૉજિસ્ટિક્સ નેટવર્કનો વિસ્તાર થશે અને રોજગારની નવી તકો ઊભી થશે. આ બંને રેલ સેવાઓ આ પ્રદેશને પર્યાવરણને અનુકૂળ, ટકાઉ અને હાઈ સ્પીડ પરિવહન વિકલ્પ પ્રદાન કરશે. આનાથી માત્ર મુસાફરીનો સમય જ નહીં બચે, પરંતુ પ્રાદેશિક ઔદ્યોગિક વિકાસ, રોકાણ અને રોજગાર સર્જનમાં પણ નોંધપાત્ર વધારો થશે. આ બધા રેલવે પ્રોજેક્ટ્સ વિકસિત ગુજરાતથી વિકસિત ભારત તરફનો માર્ગ મોકળો કરશે.

### અશ્વિને અચાનક નિવૃત્તિ લેવાનું કારણ જાહેર કર્યું

# મને વિદેશી પ્રવાસો પર ટેસ્ટ મેચોથી બહાર બેસવાનું ખૂબ જ ખરાબ લાગતું

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારતીય સ્પિન દિગ્ગજ રવિચંદ્રન અશ્વિને ઓસ્ટ્રેલિયામાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફી દરમિયાન અચાનક નિવૃત્તિ જાહેર કરવા અંગે ખુલીને વાત કરી છે.

પૂર્વ ભારતીય કેપ્ટન અને કોચ રાહુલ દ્રવિડ સાથેની યુટ્યુબ ચેનલ પર વાતચીત કરતા કહ્યું કે, મને વિદેશી પ્રવાસો પર ટેસ્ટ મેચોથી બહાર બેસવાનું ખૂબ જ ખરાબ લાગવા લાગ્યું અને આ જ મારા અચાનક આંતરરાષ્ટ્રીય નિવૃત્તિનું કારણ હતું.

પૂર્વ ભારતીય ક્રિકેટર અનિલ કુંબલે પછી ૫૦૦ થી વધુ ટેસ્ટ વિકેટ લેનાર બીજા ભારતીય બોલર રવિચંદ્રન અશ્વિને ગયા ડિસેમ્બરમાં બ્રિસ્બેનમાં રમાયેલી ત્રીજી ટેસ્ટ બાદ નિવૃત્તિની જાહેરાત કરીને બધાને ચોંકાવી દીધા હતા. આ દરમિયા યુટ્યુબ ચેનલ પર રાહુલ દ્રવિડ સાથે વાત કરતા રવિચંદ્રન અશ્વિને કહ્યું કે, હું સ્વીકારું છું કે મારી ઉંમર થઈ ગઈ છે, પરંતુ વારંવાર પ્રવાસ પર જવાનું અને મોટાભાગે બહાર બેસવાનું મને ખૂબ જ પરેશાન કરવાનું શરૂ કરી રહ્યું હતું. એવું નહોતું કે હું ટીમમાં યોગદાન આપવા માંગતો ન હતો, પરંતુ હું વિચારવા લાગ્યો હતો કે,ઘરે બાળકો સાથે સમય વિતાવવો વધુ સારું છે.

બાળકો મોટા થઈ રહ્યા છે અને હું અહીં બેસીને શું કરી રહ્યો છું? મારા મનમાં હંમેશા એવું હતું કે હું ૩૪-૩૫ વર્ષની ઉંમરે નિવૃત્તિ લઈશ. પરંતુ વચ્ચે સતત રમી ન શકવાને કારણે, મેં નિર્ણય લઈ લીધો.

ઈન્ટરવ્યુમાં રાહુલ દ્રવિડે રોહિત શર્મા વિશે વાત કહ્યું કે, મને હંમેશા લાગતું હતું કે રોહિત શર્મા ટીમની ખૂબ કાળજી રાખે છે અને પહેલા દિવસથી જ રોહિત ખૂબ જ સ્પષ્ટ હતો કે તે ટીમને કેવી રીતે ચલાવવા માંગે છે અને તેના માટે સૌથી મહત્ત્વપૂર્ણ શું છે. કોઈપણ કેપ્ટન-કોચ સંબંધમાં આ સૌથી મહત્વપૂર્ણ બાબત છે, ખાસ કરીને મારી કોચિંગ શૈલીમાં, હું હંમેશા માનું છું કે તે કેપ્ટનની ટીમ હોવી જોઈએ. હું એક ખેલાડી તેમજ કેપ્ટન રહ્યો છું, પરંતુ કેપ્ટને ટીમની દિશા નક્કી કરવાની હોય છે. રવિચંદ્રન અશ્વિને નવેમ્બર ૨૦૧૧માં ટેસ્ટ ડેબ્યૂ કર્યું હતું. તેણે ભારતમાં રમાયેલી ૬૫ ટેસ્ટમાં ૩૮૩ વિકેટ અને વિદેશમાં ૪૦ ટેસ્ટમાં ૧૫૦ વિકેટ લીધી હતી. આ ઉપરાંત ન્યૂટ્રલ વેન્યૂ પર રમાયેલી એકમાત્ર ટેસ્ટ, ૨૦૧૯-૨૧ વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ ફાઈનલમાં ૪ વિકેટ લીધી હતી.

# ડબલિંગ કામને કારણે કાનાલુસ-પોરબંદર અને પોરબંદર-કાનાલુસ લોકલ ટ્રેનો ૧૫ સપ્ટેમ્બર સુધી આંશિક રદ

પશ્ચિમ રેલવેના રાજકોટ મંડળમાં આવેલા લાખાબાવળ-પીપળી-કાનાલુસ સેક્શનમાં ચાલી રહેલા ડબલિંગ કામને કારણે ૨૩ ઑગસ્ટથી ૧૫ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી કાનાલુસ-પોરબંદર અને પોરબંદર-કાનાલુસ લોકલ ટ્રેનો આંશિક રીતે રદ રહેશે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીના જણાવ્યા મુજબ વિગતવાર માહિતી નીચે મુજબ છેઃ

આંશિક રીતે રદ કરવામાં આવેલી ટ્રેનોઃ

- ટ્રેન નં. ૫૯૨૦૬ પોરબંદર-કાનાલુસ લોકલ ૨૩.૦૮.૨૦૨૫થી ૧૫.૦૯.૨૦૨૫ સુધી ગોપજામ-કાનાલુસ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. એટલે કે આ ટ્રેન પોરબંદરથી ચાલીને ગોપજામ સુધી જશે અને ગોપજામ-કાનાલુસ વચ્ચે આંશિક રીતે રદ રહેશે.
- ટ્રેન નં. ૫૯૨૦૫ કાનાલુસ-પોરબંદર લોકલ ૨૩.૦૮.૨૦૨૫થી ૧૫.૦૯.૨૦૨૫ સુધી કાનાલુસ-ગોપજામ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. એટલે કે આ ટ્રેન કાનાલુસની જગ્યાએ ગોપજામ સ્ટેશનથી ચાલશે અને ગોપજામથી ચાલીને પોરબંદર સુધી જશે.

રેલ યાત્રીઓ થી વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીની શરૂઆત કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લે જેથી કોઈ પ્રકારની અસુવિધા ન થાય.

નવસર્જન સંસ્કૃતિમાં આપના વિસ્તારની સમસ્યા,
સંસ્થાના વિકાસલક્ષી સમાચાર,
બાળકોના જન્મદિવસની શુભેચ્છા, સગા-સંબંધીઓનું
બેસણું/શ્રદ્ધાંજલિ, વેપાર-ધંધાની જાહેર ખબર તેમજ
ન્યૂઝપેપર માટે સંપર્ક કરો.

ગાંધીનગર - સાબરકાંઠા - અરવલ્લી જીલ્લો

બ્યુરોચીફ : યુનુસ મેમણ
(મો.૭૯૮૪૮૩૬૩૭૧)
પોલોગ્રાઉન્ડ, અલકાપુરી ચાર રસ્તા પાસે, હિંમતનગર.
Email : yunushmemon@gmail.com

### વર્કર વિઝા રોકવા પાછળનું કારણ ભારતમાંથી ગેરકાયદેસર રીતે અમેરિકા ગયેલો હરજિન્દર સિંહ છે

# અકસ્માતને બહાનું બનાવી કોમર્શિયલ ટ્રક ડ્રાઈવરના વર્કર વિઝા અટકાવ્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

અમેરિકાએ તમામ વિદેશી ટ્રક ડ્રાઈવરો માટે વિઝા ઈશ્યૂ કરવાનું તાત્કાલિક ધોરણે બંધ કરી દીધું છે. યુએસના સેક્રેટરી ઓફ સ્ટેટ માર્કો રુબિયોએ ૨૧ ઓગસ્ટે X પર આ અંગે જાહેરાત કરતા લખ્યું કે, અમે તાત્કાલિક અસરથી કોમર્શિયલ ટ્રક ડ્રાઈવરો માટે વર્કર વિઝા ઈશ્યૂ કરવાનું બંધ કરી રહ્યા છીએ. વર્કર વિઝા રોકવા પાછળનું કારણ ભારતમાંથી ગેરકાયદેસર રીતે અમેરિકા ગયેલો હરજિન્દર સિંહ છે, જેણે એક ભૂલને કારણે મોટો અકસ્માત સર્જ્યો હતો, જેમાં ત્રણ લોકોના જીવ ગયા હતા.

રુબિયોએ વધુમાં લખ્યું કે, અમેરિકાના રસ્તાઓ પર મોટા ટ્રેક્ટર-ટ્રેલર ટ્રક ચલાવતા વિદેશી ડ્રાઈવરોની વધતી સંખ્યા અમેરિકનોના જીવનને જોખમમાં મૂકી રહી છે અને અમેરિકન ટ્રક ડ્રાઈવરોની આજીવિકા ઘટી રહી છે.

અમેરિકામાં આ કાર્યવાહી એક મોટા અકસ્માત બાદ કરવામાં આવી છે. ફ્લોરિડાના એક હાઈવે પર ટ્રેક્ટર-ટ્રેલર ચલાવી રહેલા હરજિન્દર સિંહે જ્યાંથી મંજૂરી નહોતી ત્યાંથી યુ-ટર્ન લીધો, જેના કારણે પાછળ આવી રહેલી કારનો અકસ્માત થયો. આ અકસ્માતમાં ત્રણ લોકોના મોત થયા. હરજિન્દર પર બેદરકારીથી વાહન ચલાવીને હત્યા કરવાનો આરોપ મૂકાયો છે.

અમેરિકાના ફેડરલ અધિકારીઓ અનુસાર, હરજિન્દર સિંહ ભારતનો છે. તેણે કથિત રીતે મેક્સિકોના રસ્તે ગેરકાયદેસર રીતે અમેરિકામાં પ્રવેશ કર્યો હતો. અકસ્માત બાદ તે અંગ્રેજીની પરીક્ષામાં પણ નિષ્ફળ ગયો. આ મામલો અમેરિકન મીડિયામાં ખૂબ ચર્ચામાં છે અને ટ્રમ્પની રિપબ્લિકન પાર્ટીના નિયંત્રણવાળા ફ્લોરિડામાં અધિકારીઓ દ્વારા તેને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે.

આ દુર્ઘટનાએ એક રાજકીય સ્વરૂપ પણ ધારણ કરી લીધું છે. તેનું કારણ એ છે કે હરજિન્દર સિંહે પોતાનું કમર્શિયલ લાઈસન્સ કેલિફોર્નિયાથી લીધું છે અને ત્યાં જ રહે છે. હવે કેલિફોર્નિયા પર ટ્રમ્પના વિરોધી ડેમોક્રેટિક પાર્ટીનું શાસન છે અને તે ઈમિગ્રેશન પર ટ્રમ્પની કાર્યવાહીનો વિરોધ કરે છે.

ટ્રમ્પ પ્રશાસને આ દુર્ઘટના માટે કેલિફોર્નિયાના ગવર્નર ગેવિન ન્યૂસોમને જવાબદાર ગણાવ્યા છે, કારણ કે હરજિન્દર સિંહને લાઈસન્સ કેલિફોર્નિયાથી જ આપવામાં આવ્યું હતું. તે સામે ગવર્નર ગેવિન ન્યૂસોમની ઓફિસે જવાબ આપ્યો કે ટ્રમ્પના શાસન હેઠળ જ ફેડરલ સરકારે હરજિન્દર સિંહને તેનું વર્ક પરમિટ આપ્યું હતું અને કેલિફોર્નિયાએ તેના પ્રત્યાર્પણમાં સહયોગ કર્યો છે.

નવસર્જન સંસ્કૃતિ

નવસર્જન સંસ્કૃતિ
એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2016/70752 Published & Owned by RAGINI JIGNESHKUMAR VAGHELA and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004, Ahmedabad, Gujarat-380 004. (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002 (3) HARDIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, Bhatiya Ni Wadi, Opp Railway Station, Kalupur, Ahmedabad,-380002, Ahmedabad, Gujarat-380 002. and Published from B/13, Sneh Plaza Shopping Center, I.O.C. Road, Chandkheda, Ahmedabad-382 424, Editor : RAGINI JIGNESHKUMAR VAGHELA

### આદિ કર્મયોગી થકી દેશભરમાં ૨૦ લાખ આદિવાસી પરિવર્તન નેતાઓની કેડર વિકસાવવાનો લક્ષ્યાંક

# આદિવાસી વિસ્તારોમાં પાયાના શાસન-સેવા વિતરણમાં ધરમૂળથી પરિવર્તન લાવવા ગુજરાત સહિત દેશભરમાં 'આદિ કર્મયોગી અભિયાન' અમલી

### ગુજરાતમાં સવિશેષ વસ્તી ધરાવતા ૧૫ જિલ્લાઓ, ૯૪ તાલુકાઓ અને ૪૨૪૫ ગામડાઓમાં આદિ કર્મયોગી અભિયાન અંતર્ગત કામગીરી કરાશે






આદિ કર્મયોગી અભિયાન એ ભારતનું સૌથી વિશાળ આદિવાસી નેતૃત્વ નિર્માણ માટેનું જન આંદોલન છે. આ અભિયાનનો ઉદ્દેશ "ભારતના આદિવાસી પ્રદેશોમાં બહુસ્તરીય ક્ષમતા નિર્માણ અને નેતૃત્વ વિકાસ દ્વારા લોક કેન્દ્રિત શાસન પ્રણાલી અને પ્રતિભાવશીલ શાસન વ્યવસ્થાને સંસ્થાકીય બનાવવાનો છે." જે સેવા, સમર્પણ અને સંકલ્પ દ્વારા સંચાલિત છે. આ અભિયાનમાં પ્રધાનમંત્રી જનજાતિય આદિવાસી મહા અભિયાન (PM-JANMAN) અને ધરતી આબા જનજાતિય ગ્રામ ઉત્કર્ષ અભિયાન (DA-JGUA)ના વ્યાપક માળખા સાથે જોડાયેલ છે. આ અભિયાન આદિજાતિ મંત્રાલય (MoTA) દ્વારા સંચાલિત છે. આ અભિયાન વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દુરંદેશી નેતૃત્વનું પરિણામ છે.

આદિજાતિ વિકાસ નિયામક શ્રી આશિષકુમારની અધ્યક્ષતામાં આજે ગાંધીનગર ખાતે એક દિવસીય આદિ કર્મયોગી - રિસ્પોન્સિવ ગવર્નન્સ પ્રોગ્રામ-વર્કશોપ યોજાયો હતો. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ આદિજાતિ વિકાસ વિભાગ અને સંબંધી લાઈન ડિપાર્ટમેન્ટના અધિકારીશ્રીઓને આદિક કર્મયોગી રિસ્પોન્સિવ ગવર્નન્સ પ્રોગ્રામ અંગે સંવેદનશીલ બનાવવા અને આ કાર્યક્રમ પ્રત્યે માહિતગાર કરવાનો હતો. આ કાર્યક્રમમાં આદિજાતિ વિકાસ વિભાગ અને સંબંધિત લાઈન ડિપાર્ટમેન્ટના ૭૦ થી વધુ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ અભિયાન આદિવાસી નાગરિકોને વિકાસના સક્રિય સહ-નિર્માતાઓમાં રૂપાંતરિત કરવાના છે. આ અભિયાન આદિવાસી શાણપણ અને આકાંક્ષાઓમાં મૂળભૂત પ્રણાલીઓ અને લોક કેન્દ્રિત શાસન વ્યવસ્થાઓને સંસ્થાકીય બનાવવાનો પ્રયાસ કરે છે. આ અંતર્ગત સેવાઓનું સાર્વત્રિક એક્સેસ, પ્રતિભાવશીલ સંસ્થાઓ, સશક્ત સમુદાયો અને સહભાગી આયોજનો દ્વારા વિકાસશીલ પરિણામોને પ્રાથમિકતા આપે છે. જેમાં ટકાઉપણું, જવાબદારી, છેલ્લા માઈલ ડિલિવરીને સુનિશ્ચિત કરવા માટે ગ્રામ્ય સ્તરના સંસ્થાકીય પદ્ધતિઓ સાથે ક્ષમતા નિર્માણને એકીકૃત કરે છે.

PM-JANMAN અને DA-JGUA આદિ કર્મયોગી અભિયાન સાથે સંકલિત છે. તેનો હેતુ દેશભરમાં ૨૦ લાખ આદિવાસી પરિવર્તન નેતાઓની કેડર વિકસાવવાનો છે. આ અભિયાનમાં ૦૧ લાખ આદિવાસી પ્રભુત્વ ધરાવતા ગામડાઓ, ૩,૦૦૦ આદિવાસી તાલુકાઓ, ૫૫૦ થી વધુ આદિવાસી જિલ્લાઓ, ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશનો

સમાવેશ થાય છે. આ ઉપરાંત ગુજરાતમાં સવિશેષ વસ્તી ધરાવતા ૧૫ જિલ્લાઓ, ૯૪ તાલુકાઓ અને ૪૨૪૫ ગામડાઓમાં આદિ કર્મયોગી અભિયાન અંતર્ગત કામગીરી કરવામાં આવનાર છે. આ મિશન બહુ વિભાગીય સંકલનને પ્રેરિત કરે છે, સહભાગી શાસનને વધુ ગાઢ બનાવે છે અને નીચેથી ઉપર, લોકો દ્વારા સંચાલિત શાસન પ્રણાલી દ્વારા જાહેર સંસ્થાઓમાં વિશ્વાસ પુનઃ નિર્માણ કરે છે. આ અભિયાનમાં ભારતના ૩૦ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વસવાટ કરતા ૧૦.૫ કરોડથી વધુ આદિવાસી નાગરિકોનો સમાવેશ થાય છે. તેઓ સાંસ્કૃતિક રીતે સમૃદ્ધ અને પર્યાવરણીય રીતે સંવેદનશીલ ભૌગોલિક વિસ્તારમાં રહે છે. દાયકાઓથી થતા નાણાકીય ખર્ચ અને બહુ વિવિધ યોજનાઓના અમલીકરણ છતાં આદિવાસી સમુદાયનું આરોગ્ય, શિક્ષણ, પોષણ, આજીવિકા, પાણીની ઉપલબ્ધતા, શાસન વ્યવસ્થામાં પહોંચમાં પ્રણાલીગત અંતર યથાવત છે. આ કાયમી પડકારોનો સામનો કરવા અને વડાપ્રધાનના છેલ્લા માઈલ સુધીના શાસન અને લોક કેન્દ્રિત વિકાસના વિઝનને પૂર્ણ કરવા માટે આદિવાસી મંત્રાલય દ્વારા આદી કર્મયોગી અભિયાન શરૂ કર્યું છે. જે આદિવાસી વિસ્તારોમાં પાયાના શાસન અને સેવા વિતરણમાં ધરમૂળથી પરિવર્તન લાવવા માટે મિશન ધરાવે છે.

આ કાર્યક્રમમાં નિયામકશ્રી આશિષકુમારે આદિ કર્મયોગીનું મિશન, વિઝન, હેતુઓ, રાષ્ટ્રીય મિશન સાથે સંકલન, ચેન્જ લીડર, વિલેજ ડેવલોપમેન્ટ પ્લાન વગેરે મુદ્દા ઉપર સવિસ્તાર સમજ આપી હતી. આ ઉપરાંત ભારત સરકારના આદિજાતિ મંત્રાલય દ્વારા રાષ્ટ્રીય કક્ષાએથી ગ્રામીણ કક્ષા સુધી કેવી રીતે આદિ કર્મયોગી અભિયાન લઈ જવાનું છે અને ૨૦ લાખ ચેન્જ લીડર તૈયાર કરવા અંગે વાત કરી હતી.

તા. ૧૧ થી ૧૭ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન આદિ કર્મયોગી - રિસ્પોન્સિવ ગવર્નન્સ પ્રોગ્રામ અંતર્ગત રીજનલ પ્રોસેસ લેબ (RPL) - પુને (મહારાષ્ટ્ર) ખાતે તાલીમ યોજાઈ ગઈ. આ તાલીમમાં ગુજરાત રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગ અને સંબંધીત લાઈન ડિપાર્ટમેન્ટના ૦૮ અધિકારીશ્રીઓ સહભાગી થયા હતા. આ અધિકારીશ્રીઓમાંથી ત્રણ અધિકારીશ્રીઓ શ્રી આર. ધનપાલ, ડો.વિપુલ રામાણી, ડો.નયન જોશીએ પોતે સાત દિવસ દરમિયાન શું શીખ્યા તે અંગેના અનુભવો જણાવ્યા હતા. જેમાં તેમણે વ્યક્તિગત, સંગઠનાત્મક અને સામુદાયિક બદલાવ અંગેની એક્સરસાઈઝની વાત કરી હતી. રાજ્ય સ્તરથી ગ્રામીણ સ્તર સુધી ચેન્જ લીડર કેવી રીતે કરી શકાય અને ગ્રામીણ આદિવાસી લોકોની સમસ્યાઓ, પડકારો ઓળખી તેમના ઉકેલો કેવી રીતે લાવી શકાય અને સરકારી યોજનાઓને ૧૦૦% સેચ્યુરેશનમાં કેવી રીતે બદલી શકાય તે અંગેના અનુભવો વ્યક્ત કર્યા હતા. આ ઉપરાંત આદિજાતિ વિકાસ વિભાગ અને સંબંધિત લાઈન ડિપાર્ટમેન્ટ શું ઓફર કરી શકે અને તેઓ બીજા વિભાગો પાસે શું અપેક્ષા રાખે છે તે અંગેની પણ સમજ આપી હતી. શ્રી આકાશ ભલગામાએ પોતાના પ્રેઝન્ટેશનમાં જણાવ્યું કે આદિ કર્મયોગી અભિયાનની રાજ્ય કક્ષાએથી ગ્રામ્ય કક્ષા સુધી લઈ જવા માટેનું આયોજન, દરેક કક્ષાની જવાબદારી, વિવિધ કક્ષાના જૂથો, રજીસ્ટ્રેશન, વિવિધ કક્ષાએ તાલીમ વગેરે મુદ્દા ઉપર સવિસ્તાર સમજ આપી હતી. ત્યાર પછી પાણીની સમસ્યા અને તેના ઉકેલ સંદર્ભમાં ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવવામાં આવી હતી. અંતમાં સૌ અધિકારીશ્રીઓએ આદિ કર્મયોગી અંગેના શપથ લીધા હતા. રાજ્યકક્ષાએથી ગ્રામીણ કક્ષા સુધી પોતાની જવાબદારી નિભાવવા માટે સેવા, સમર્પણ અને સંકલ્પની ભાવના વ્યક્ત કરી હતી.

આગામી તા.૨૫ થી ૨૮ ઓગસ્ટ, ૨૦૨૫ દરમિયાન ગાંધીનગર ખાતે આદિ કર્મયોગી સ્પોન્સિવ ગવર્નન્સ પ્રોગ્રામ અંતર્ગત સ્ટેટ પ્રોસેસ લેબ (SPL)નું આયોજન કરાયું છે. આ કાર્યક્રમમાં આદિવાસી જિલ્લાઓમાંથી ૧૦૦ જેટલા જિલ્લા કક્ષાના અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહીને આદિ કર્મયોગી અંગેની તાલીમ મેળવનાર છે. સપ્ટેમ્બર - ૨૦૨૫માં જિલ્લા કક્ષાએ, તાલુકા કક્ષાએ અને ગ્રામ્ય કક્ષાએ આદિ કર્મયોગી અભિયાન અંતર્ગત આગળની તાલીમ યોજાનાર છે. તા. ૨ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ ભારતમાં અને ગુજરાતમાં સવિશેષ ગ્રામસભા યોજાનાર છે. વડાપ્રધાનશ્રીના વિક્સિત ભારત@ ૨૦૪૭ ના વિઝનને સાકાર કરવા આ વિશેષ ગ્રામસભામાં ગ્રામજનો દ્વારા વિલેજ ડેવલપમેન્ટ પ્લાન અને વિઝન બિલ્ડીંગ અંગે ચર્ચા કરવામાં આવશે.

- જનક દેસાઈ

### ખંભાતના સોખડા GIDCમાં ગમખ્વાર દુર્ઘટના

# કેમિકલયુક્ત ટાંકો સાફ કરવા જતા ૨ શ્રમિકોના મોત, ૨ની હાલત ગંભીર

### બંને શ્રમિકો કેમિકલયુક્ત ટાંકો સાફ કરવા ઉર્તયા હતા અને મળ્યું મોતઃ શ્રમિકોનું ગૂંગળામણના કારણે મોત થયાનું પ્રાથમિક કારણ સામે આવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)આણંદ

આણંદના ખંભાતમાં શ્રમિકના મોત થયાની ઘટના સામે આવી છે. સોખડા GIDCની એક કંપનીમાં આ દુર્ઘટના બનવા પામી. કંપનીમાં કામ કરતા શ્રમિકોના મોત થયાનું સામે આવતા સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી જવા પામી છે. બંને શ્રમિકો કેમિકલયુક્ત ટાંકો સાફ કરવા ઉર્તયા હતા અને મળ્યું મોત. શ્રમિકોનું ગૂંગળામણના કારણે મોત થયાનું પ્રાથમિક કારણ સામે આવ્યું છે.

મળતી માહિતી મુજબ ખંભાતના સોખડા ખાતે ખાનગી કંપનીમાં ગમખ્વાર દુર્ઘટના બનવા પામી. સોખડા જીઆઇડીસમાં આવેલ એકતા ફ્રેશ ફૂડ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ૨ શ્રમિકોનો મોત નિપજયા. ૪ શ્રમિકો કેમિકલ યુક્ત ટાંકો સાફ કરવા અંદર ઉતર્યા હતા.

પરંતુ કામગીરી કરતા શ્રમિકોને ગૂંગળામણ થવા લાગી. તમામ ૪ મજૂરોની તબિયત બગડતા તેમને ખંભાતની કાડિયા કેર હોસ્પિટલ ખાતે લાવવામાં આવ્યા હતા. જયાં હોસ્પિટલના તબીબોએ ૨ શ્રમિકને મૃત જાહેર કર્યા. અને અન્ય બે શ્રમિકની હાલત વધુ ગંભીર હોવાથી તેમને આઈસીયુમાં શીફ્ટ કરવામાં આવ્યા છે.ખંભાતની કાડિયા કેર હોસ્પિટલના ડોક્ટરનું કહેવું છે કે ઝેરી ગેસની અસરના કારણે ૨ શ્રમિકના મોત નિપજયા છે. એકતા ફ્રેશ ફૂડ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં શ્રમિકોના મોત મામલાની વધુ તપાસ કરવામાં આવશે. અગાઉ પણ આણંદમાં એક પુલની કામગીરી દરમિયાન સ્લેબ તૂટવાની દુર્ઘટનામાં બે શ્રમિકો દટાયા હતા.

જેમાં એક શ્રમિકનું મોત નીપજ્યું હતું જ્યારે અન્ય એક શ્રમિકને સ્થાનિકોની જાગૃકતાના કારણે બચાવી લેવાયો હતો. કંપનીઓ અને તંત્રની બેદરકારીનો ભોગ શ્રમિકો બનતા હોય છે. શ્રમિકો તમામ પ્રકારની કામગીરીમાં ખડેપગે રહેવા છતાં તેમના કામની સુરક્ષાને લઈને કોઈ તકેદારી રાખવામાં આવતી નથી.




અમદાવાદ કલેક્ટર કચેરી ખાતે જિલ્લા વિકાસ અધિકારી વિદેહ ખરેના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન અને ફરિયાદ નિવારણ સમિતિ બેઠક યોજાઈ હતી. જેમાં અમદાવાદ જિલ્લાના ગ્રામ્ય અને શહેરી વિસ્તારના ધારાસભ્યોએ પોતાના મત વિસ્તારના પ્રશ્નો રજૂ કર્યા હતા.

### રાજ્યની તમામ આંગણવાડીઓને પોતાના મકાન ઉપલબ્ધ કરાવવા રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર

# માત્ર ત્રણ જ મહિનામાં ઐતિહાસિક ૮૬૨ આંગણવાડી કેન્દ્રોના ખાતમુહૂર્ત-લોકાર્પણ સંપન્ન

આંગણવાડીએ નાના બાળકો માટે માત્ર ભણતરનું કેન્દ્ર જ નહિ, પરંતુ તેમના શૈક્ષણિક, શારીરિક અને માનસિક વિકાસનું પ્રથમ પગથીયું છે. ગુજરાતના તમામ આંગણવાડી કેન્દ્રોમાં શ્રેષ્ઠ માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા ઉપરાંત આંગણવાડીમાં આવલા ભૂલકાઓને સ્વચ્છ અને પારિવારિક વાતાવરણ, પૌષ્ટિક આહાર તથા ગમ્મત સાથે જ્ઞાન આપવું તે રાજ્ય સરકારનો મક્કમ નિર્ધાર છે. ગુજરાતની તમામ તમામ આંગણવાડીઓને સમ્પૂર્બ સુવિધા સાથેના પોતાના મકાન ઉપલબ્ધ કરાવવાની દિશામાં રાજ્ય સરકારે આંગણવાડી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે થયેલા ઐતિહાસિક પ્રગતિ કરી છે. છેલ્લા ત્રણ મહિના દરમિયાન જ રાજ્યમાં કુલ ૮૬૨ આંગણવાડીના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરવામાં આવ્યા છે.

આ સંદર્ભે મહિલા અને બાળ વિકાસ મંત્રી શ્રી ભાનુબેન બાબરીયાએ જણાવ્યું હતું કે, બાળકોના સર્વાંગી વિકાસ માટે હરહંમેશ પ્રયત્નશીલ ગુજરાત સરકાર દ્વારા માત્ર ત્રણ મહિનાના સમયગાળામાં જ ૫૦૫ જેટલા નવા આંગણવાડી કેન્દ્રોના ખાતમુહૂર્ત અને ૩૫૭ નવા આંગણવાડી કેન્દ્રોના લોકાર્પણ સંપન્ન કરવામાં આવ્યાં છે. જે રાજયમાં આંગણવાડી ઈન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રે થયેલા અભૂતપૂર્વ વિકાસનું ઉદાહરણ પૂરું પાડે છે. અગાઉ એક વર્ષમાં સરેરાશ ૩૦૦ નવા આંગણવાડી કેન્દ્રોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવતું હતું, જેની સામે આજે સરકારના દૃઢ સંકલ્પ અને સતત મોનીટરીંગના કારણે નવા કેન્દ્રોના બાંધકામની ગતિ વધુ તીવ્ર બની છે.

આગામી સમયમાં પણ આ જ ગતિશીલતા સાથે આંગણવાડી કેન્દ્રોના પોતાના મકાનોને વધુ વિસ્તૃત કરી રાજ્યના દરેક બાળકને શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે અનુકૂળ વાતાવરણ અપાશે, તેવો વિશ્વાસ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

રાજ્ય કક્ષાએથી કરવામાં આવતી સતત સમીક્ષા, ફોલો-અપ અને સંકલન થકી આંગણવાડીના નવા મકાનોનું નિર્માણકાર્ય ઝડપથી પૂર્ણ થઈ રહ્યું છે. જેના પરિણામે રાજ્યના હજારો નાના બાળકોને અદ્યતન સુવિધાઓ સાથેના નવા આંગણવાડી કેન્દ્રો ઝડપથી ઉપલબ્ધ થઈ રહ્યા છે. આ નવા આંગણવાડી કેન્દ્રોમાં ભૂલકાઓ માટે પીવાનું શુદ્ધ પાણી, આરોગ્યલક્ષી સુવિધાઓ, અનુકૂળ આંતરિક ડિઝાઈન તેમજ શૈક્ષણિક સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકારના આંગણવાડી કેન્દ્રો ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં સમાજના નબળા વર્ગના બાળકોને શિક્ષણ, પોષણ અને આરોગ્ય સાથે જોડતી મજબૂત કડી તરીકે કાર્ય છે. આ કેન્દ્રોમાં ઉપલબ્ધ અદ્યતન સુવિધાઓથી ન માત્ર બાળકો, પરંતુ મહિલાઓના આરોગ્ય અને શારીરીક વિકાસમાં સુધારો આવશે.

આ ઐતિહાસિક આંગણવાડી બાંધકામ રાજ્યના શિક્ષણ ક્ષેત્રે એક માઈલસ્ટોન સાબિત થશે. બાળ વિકાસ અને મહિલા સશક્તિકરણની દિશામાં સરકાર દ્વારા હાથ ધરાયેલા આ પ્રયાસો સમાજના સર્વાંગી વિકાસની પ્રગતિમાં પાયારૂપ બની રહેશે. - ઋચા રાવલ

### PGVCLના સ્માર્ટ મીટર પ્રોજેક્ટની પોલ ખૂલી

# કચ્છમાં સ્માર્ટ મીટર લગાવવાના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં ગંભીર ખામી સામે આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની (PGVCL) દ્વારા સૌરાષ્ટ્ર અને કચ્છમાં સ્માર્ટ મીટર લગાવવાના મહત્ત્વાકાંક્ષી પ્રોજેક્ટમાં ગંભીર ખામી સામે આવી છે. આ પ્રોજેક્ટનું કામ સંભાળતી રાજસ્થાનની ખાનગી એજન્સીની નબળી કામગીરીને કારણે વીજ મીટરના રીડિંગ સમયસર મળતા નથી, જેને લીધે ગ્રાહકોને ૩ થી ૪ મહિના સુધી વીજળીના બિલ મળતા નથી. આ પરિસ્થિતિએ ગ્રાહકો અને PGVCLના એન્જિનિયરો બંને માટે મુશ્કેલી ઊભી કરી છે. આશરે રૂ. ૧૦,૦૦૦ કરોડના આ પ્રોજેક્ટમાં સ્માર્ટ મીટર લગાવવાનું અને તેના ડેટા પહોંચાડવાનું કામ રાજસ્થાનની 'પરવા' નામની ખાનગી એજન્સીને સોંપવામાં આવ્યું હતું. જોકે, આ એજન્સી મીટર લગાવવામાં નિષ્ફળ સાબિત થતાં, આ કામગીરીનો મોટો ભાગ હવે PGVCLના સબ-ડિવિઝન એન્જિનિયરોને સોંપવામાં આવ્યો છે, જે તેમના માટે માથાનો દુઃખાવો બની ગયો છે. એટલું જ નહીં, જે મીટર લગાવવામાં આવ્યા છે તેમાંથી ૧૫ થી ૨૦% મીટરમાં કોમ્યુનિકેશન માટેની ચિપ ક્ષતિગ્રસ્ત હોવાનું જણાયું છે. આ ખામીને લીધે મીટરના રીડિંગ ઓટોમેટિક ઓનલાઈન ટ્રાન્સફર થતા નથી. એજન્સીએ આ ડેટા મેન્યુઅલી પહોંચાડવાના હોય છે, પરંતુ તે કામગીરીમાં પણ નિષ્ફળ રહી છે. પરિણામે, બિલિંગ સાયકલ ખોરવાઈ ગઈ છે અને PGVCLની આવક પર પણ નકારાત્મક અસર પડી છે. સમયસર બિલ ન મળવાને કારણે ગ્રાહકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે. જ્યારે લાંબા સમય બાદ એકસાથે મોટું બિલ આવે છે, ત્યારે ગ્રાહકો માટે તેનું ચુકવણું કરવું મુશ્કેલ બની જાય છે. બીજી બાજુ, PGVCLને પણ બિલિંગ વ્યવસ્થા ખોરવાઈ જવાથી આર્થિક નુકસાન થઈ રહ્યું છે.

એન્જિનિયરોનું કહેવું છે કે, આ ખાનગી એજન્સીની નબળી કામગીરી સામે અવાજ ઉઠાવવા છતાં તેમની ફરિયાદ સાંભળવામાં આવતી નથી. આ ક્ષતિઓ દૂર કરવા અને બિલિંગ પ્રક્રિયાને સુધારવા માટે તાત્કાલિક પગલાં લેવા જરૂરી છે, જેથી ગ્રાહકોની મુશ્કેલી અને PGVCLનું નુકસાન બંને ઘટાડી શકાય.

### રૂ.૩૩ કરોડના ખર્ચે વિરમગામથી ખુડદ થઈ રામપુરા સુધીના ૨૧ કિલોમીટરના માર્ગનું વિસ્તરણ થયું, વડાપ્રધાનશ્રી કરશે લોકાર્પણ

# વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ઉત્તર ગુજરાતમાં રૂા.૩૦૭ કરોડના રોડ પ્રોજેક્ટ્સનું કરશે લોકાર્પણ-ખાતમુહૂર્ત

### રૂા.૧૨૬ કરોડના ખર્ચે અમદાવાદ-મહેસાણા-પાલનપુર રોડ પર ત્રણ છ-માર્ગીય વ્હિકલ અંડરપાસનું ખાતમુહૂર્ત થશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી આગામી ૨૫ અને ૨૬ ઓગસ્ટે ગુજરાતની મુલાકાતે આવી રહ્યા છે. આ દરમ્યાન તેઓ અમદાવાદ, ગાંધીનગર અને મહેસાણાને વિવિધ વિભાગો હેઠળ કરોડોના વિકાસકાર્યોની ભેટ આપશે. આમાં માર્ગ અને મકાન વિભાગના કુલ રૂા.૩૦૭ કરોડના પ્રોજેક્ટ્સના લોકાર્પણ-ખાતમુહૂર્તનો સમાવેશ થાય છે, જેનાથી ઉત્તર ગુજરાતમાં કનેક્ટિવિટી વધુ મજબૂત બનશે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના વિકસિત ભારતના વિઝનને અનુરૂપ, માર્ગ અને મકાન વિભાગ ગુજરાત રાજ્યને નિરંતર ગતિશીલ રાખવા પ્રતિબદ્ધ છે.

ગુજરાતના નાગરિકોને દૈનિક વાહનવ્યવહાર માટે મળશે વધુ સુદ્રઢ ઈન્ફ્રાસ્ટ્રક્ચર

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી ઉત્તર ગુજરાતમાં માર્ગ અને મકાન વિભાગના કુલ ૬ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ-ખાતમુહૂર્ત કરશે. કુલ રૂા.૩૦૭ કરોડના ખર્ચે હાથ ધરાયેલા લોકાર્પણ તથા ખાતમુહૂર્તના આ કામો ગુજરાતની પ્રજાને દૈનિક યાતાયાત અર્થે વધુ સુદ્રઢ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરું પાડશે. આ પ્રોજેક્ટ્સ હેઠળ ઉત્તર ગુજરાતને અપગ્રેડેડ રસ્તાઓ, અંડરપાસ, ઓવરબ્રિજ મળશે જે નાગરિકો માટે મુસાફરીની સલામતી તથા સુગમતામાં વધારો કરશે.

વિરમગામ ખુડદ રામપુરા રસ્તો પહોળો થવાથી ઔદ્યોગિક વિસ્તારના વિકાસને વેગ મળશે

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી વિરમગામ ખુડદ રામપુરા રસ્તાને ૭ મીટર પહોળો બનાવવાના કામનું લોકાર્પણ કરશે. રૂા.૩૩ કરોડના ખર્ચે વિરમગામથી ખુડદ થઈ રામપુરા સુધીના ૨૧ કિલોમીટરના માર્ગને ૭ મીટર પહોળો કરવામાં આવ્યો છે. આ મહત્વપૂર્ણ કૉરિડોર અમદાવાદ જિલ્લાના વિરમગામ તથા દેત્રોજ તાલુકાના ઔદ્યોગિક વિસ્તારના વિકાસને વેગ આપશે. આ વિકાસકાર્ય સાથે વાહન વ્યવહાર સુગમ બનશે તેમજ આસપાસના વિસ્તારમાં રહેતા લોકો માટે રોજગારી નવી તકો ઉપલબ્ધ થશે.

વડાપ્રધાનશ્રી રૂા.૨૭૪ કરોડના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કરશે

વડાપ્રધાનશ્રી ઉત્તર ગુજરાતના અમદાવાદ, મહેસાણા અને ગાંધીનગર જિલ્લામાં કુલ રૂા.૨૭૪ કરોડના પ્રોજેક્ટ્સનું ખાતમુહૂર્ત કરશે. તેમાં અમદાવાદ-મહેસાણા-પાલનપુર રોડ પર ત્રણ છ-માર્ગીય વ્હિકલ અંડરપાસ (રૂા.૧૨૬ કરોડ), અમદાવાદ-વિરમગામ રોડ પર આવેલ ફાટક નં. ૪૦ ઉપર રેલવે ઓવરબ્રિજ (રૂા.૭૦ કરોડ), કડી-થોળ થઈ સાણંદ સુધીના ૨૪ કિલોમીટર લંબાઈના માર્ગના નવિનીકરણની કામગીરી (?૪૫ કરોડ), અને ગિફ્ટ સિટી જતાં બાપાસીતારામ જંક્શનનું ચાર-લેનમાંથી આઠ-લેન રોડમાં વિસ્તરણ (રૂા.૩૩ કરોડ)નો સમાવેશ થાય છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર અપગ્રેડ થશે, સમય અને ઈંધણનો બચાવ થશે

મહેસાણા, ગાંધીનગર તથા અમદાવાદ જિલ્લામાંથી પસાર થતાં વિવિધ રસ્તાઓ પર વ્હિકલ અન્ડરપાસ, રેલવે ઓવરબ્રિજ તથા નવિનીકરણની કામગીરીથી દૈનિક અવર-જવર કરતાં વાહન ચાલકોની સલામતી તેમજ સુગમતામાં વધારો થશે. આ સુવિધાથી મુસાફરીનો સમય અને ઈંધણની બચત થશે. ગાંધીનગર ખાતે આકાર લઈ રહેલ ફિન-ટેક હબ ગિફ્ટ સિટી સુધી સરળ અને ઝડપી કનેક્ટિવિટી મળી રહેશે. થોળ અભ્યારણ્ય જેવા પ્રવાસી સ્થળોએ આવતા મુલાકાતીઓને સુગમતા રહેશે. અપગ્રેડ થયેલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કારણે રાજયમાં ઔદ્યોગિક અને પરિવહન ક્ષેત્રને પ્રોત્સાહન આપશે.

# ભાવનગર-ઓખા એક્સપ્રેસ ટ્રેનનો સ્ટોપેજ લાખાબાવળ અને પીપળી સ્ટેશનો પર ૩૦ નવેમ્બર સુધી રદ

રાજકોટ મંડળમાં આવેલા લાખાબાવળ-પીપળી-કાનાલુસ સેક્શનમાં ચાલી રહેલા ડબલ લાઈનના કામને કારણે ભાવનગર મંડળમાંથી પસાર થતી ભાવનગર-ઓખા એક્સપ્રેસના સ્ટોપેજને લાખાબાવળ અને પીપળી સ્ટેશનો પર તા. ૨૩.૦૮.૨૦૨૫થી ૩૦.૧૧.૨૦૨૫ સુધી તાત્કાલિક રદ કરવામાં આવ્યો છે.

ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલકુમાર ત્રિપાઠીના જણાવ્યા અનુસાર ટ્રેન નંબર ૧૯૨૧૦ ઓખા-ભાવનગર એક્સપ્રેસ અને ટ્રેન નંબર ૧૯૨૦૯ ભાવનગર-ઓખા એક્સપ્રેસ તા. ૨૩.૦૮.૨૦૨૫થી ૩૦.૧૧.૨૦૨૫ દરમિયાન લાખાબાવળ અને પીપળી સ્ટેશનો પર નહીં ઊભે.

રેલ યાત્રીઓ થી વિનંતી છે કે તેઓ ઉપરોક્ત ફેરફારને ધ્યાનમાં રાખીને પોતાની મુસાફરીની શરૂઆત કરે અને ટ્રેનોના સંચાલન સંબંધિત નવીનતમ અપડેટ્સ માટે વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પર મુલાકાત લે જેથી કોઈ પ્રકારની અસુવિધા ન થાય.

# રાજકોટના જયનીલ અને સુરતની ફેનાઝે ટોચનાં ખિતાબ જીત્યા

(સંપૂર્ણ સમાચાર સેવા) રાજકોટ

સમા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે આયોજિત ગુજરાત સ્ટેટ રેક્િંગ ટેબલ ટેનિસ ટુર્નામેન્ટનું સમાપન થતા વિજેતા ખેલાડીઓને ટ્રોફી, મેડલ, સર્ટિફિકેટ અને રોકડ પુરસ્કાર એનાયત કરાયા હતા.

ટુર્નામેન્ટના અંતિમ દિવસે વિવિધ કેટેગરીની ફાઈનલો સહિત ૭૬ મેચો રમાઈ હતી. જેમાં ખેલાડીઓનું ઉત્કૃષ્ટ પ્રદર્શન જોવા મળ્યું હતું. રાજકોટના આઠમા ક્રમના સિડેડ જયનીલ મહેતાએ સુરતના આયાઝ મુરાદને ૪-૨થી હરાવી સીઝનનું પોતાનું પ્રથમ પુરુષ એકલવ્યો ખિતાબ જીત્યો હતો.

જ્યારે વિમેન્સ ફાઈનલમાં સુરતની બે ખેલાડીઓ વચ્ચે રોમાંચક મુકાબલો થયો હતો.જેમાં ટોચની સિડેડ ફેનાઝ ચીપિયાએ ફિલઝફાતેમા કાદરીને ૪-૨ થી હરાવીને ટાઈટલ જીત્યું હતું. તેમજ અમદાવાદની પ્રથા પવારે ટુર્નામેન્ટમાં ડબલ ક્રાઉન જીતવાની સિદ્ધિ મેળવી હતી. બોયઝ અંડર-૧૯ ફાઈનલમાં અરવલ્લીના ટોચના સિડેડ જન્મેજય પટેલે જોરદાર સંઘર્ષ બાદ સુરતના વિવાન દવેને ૪-૨થી હરાવ્યો હતો.

ટોચના સિડેડ દેવએ કચ્છના ધ્રુવ ભંભાણીને ૩-૦થી હરાવી સીઝનનું પાંચમું સતત અંડર-૧૩ ટાઈટલ જીત્યું હતું.

### અનિરુદ્ધ સિંહ જાડેજાની માફી રદ

# હાઈકોર્ટનો આત્મસમર્પણનો આદેશઃ અમિત ખૂંટ કેસમાં પણ ઝટકો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રીબડાના અનિરૂદ્ધસિહં જાડેજાને તત્કાલીન ધારાસભ્ય પોપટ સોરઠિયા હત્યા કેસમાં હાઈકોર્ટે એક મહિનામાં જ હાજર થવા માટેનો હુકમ કર્યો છે. આ સિવાય કોર્ટે પોપટ સોરઠિયા હત્યા કેસમાં અનિરૂદ્ધસિંહ જાડેજાને આજીવન કેદમાંથી મુક્તિ આપવાના જેલ અધિક્ષકના હુકમને પણ ફગાવી દીધો છે અને અનિરૂદ્ધસિંહને આત્મસમર્પણ કરવાનો આદેશ આપ્યો છે. નોંધનીય છે કે, ગોંડલની સંગ્રામ સિંહજી હાઈસ્કૂલમાં ૧૫ ઓગસ્ટ, ૧૯૮૮ના દિવસે ધ્વજ વંદન કાર્યક્રમમાં તત્કાલિન ધારાસભ્ય પોપટ સોરઠિયાને અનિરૂદ્ધસિંહ જાડેજા દ્વારા ગોળી મારી હત્યા કરી દેવાઈ હતી. આ કેસમાં ટાડા એક્ટ હેઠળ અનિરૂદ્ધસિંહ જાડેજાને આજીવન કેદની સજા સંભળાવાઈ હતી. જો કે, ૨૦૧૮માં તેને માફી આપીને મુક્ત કરવામાં આવ્યો હતો. જોકે, બાદમાં મૃતકના દીકરા હરેશ સોરઠિયાએ આ સજા માફી રદ કરવા કોર્ટમાં અરજી કરી હતી. હવે હાઈકોર્ટે અનિરૂદ્ધસિંહની આ સજા માફી રદ કરી દીધી છે. અમિત ખૂંટ આત્મહત્યા કેસમાં પણ ગોંડલ કોર્ટે ૧૯ ઓગસ્ટે અનિરૂદ્ધ સિંહ જાડેજાની આગોતરા જામીન અરજી નામંજૂર કરી દીધી હતી. આ પહેલાં કોર્ટે તેના દીકરા રાજદીપસિંહ જાડેજાની પણ આગોતરા જામીન અરજી ફગાવી દીધી હતી.

ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે DDU-GKY અંતર્ગત ''જોબમેળો અને એલ્યુમની મીટ'' કાર્યક્રમ યોજાયો

# દીનદયાલ ઉપાધ્યાય – ગ્રામીણ કૌશલ્ય યોજના (DDU-GKY) અંતર્ગત ૩૫૦ લાભાર્થીઓને રોજગાર નિમણૂંક પત્ર એનાયત

**DDU-GKY હેઠળ રાજ્યના ૩૦ હજારથી વધુ લાભાર્થીઓને તાલીમ અને ૨૩ હજારથી વધુ લાભાર્થીઓને રોજગારી પ્રાપ્ત થઈઃ મંત્રી શ્રી રાઘવજી પટેલ**






ગાંધીનગર ખાતે ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલના અધ્યક્ષ સ્થાને દીનદયાલ ઉપાધ્યાય – ગ્રામીણ કૌશલ્ય યોજના (DDU-GKY) અંતર્ગત ''જોબમેળો અને એલ્યુમની મીટ'' કાર્યક્રમ યોજાયો હતો. ગ્રામ વિકાસ વિભાગ હેઠળની ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપની દ્વારા આયોજિત આ જોબમેળાને ગ્રામ વિકાસ મંત્રીશ્રીએ ખુલ્લો મૂક્યો હતો અને સમારોહ દરમિયાન મહાનુભાવોના હસ્તે DDU-GKY હેઠળ તાલીમ પ્રાપ્ત કરીને રોજગારી મેળવેલ ૩૫૦ લાભાર્થીઓને રોજગાર નિમણૂંક પત્ર એનાયત કરવામાં આવ્યા હતા.

ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજી પટેલે રોજગારી મેળવનાર તમામ લાભાર્થીઓને શુભેચ્છાઓ પાઠવતા જણાવ્યું હતું કે, ગ્રામ્ય વિસ્તારના યુવાધનને રોજગારીની સમાન તક અને લઘુત્તમ વેતનની બાહેંધરી પૂરી પાડતી ''દીનદયાલ ઉપાધ્યાય – ગ્રામીણ કૌશલ્ય યોજના'' આજે ગુજરાતના યુવાધન માટે આશીર્વાદ બની છે. લાભાર્થીઓને ઓછામાં ઓછા રૂ. ૧૦,૦૦૦ માસિક પગારની બાહેંધરી આપતી આ યોજના અંતર્ગત અત્યાર સુધીમાં રાજ્યના કુલ ૩૦,૦૦૦થી વધુ યુવક-યુવતીઓને વિવિધ ક્ષેત્રોમાં કૌશલ્ય વિકાસ તાલીમ અને ૨૩,૦૦૦થી વધુ લાભાર્થીઓને સફળતાપૂર્વક રોજગારી પ્રાપ્ત થઈ છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શન હેઠળ આજે દેશમાં ''સ્કિલ ઈન્ડિયા'' અને ''મેક ઈન ઈન્ડિયા'' જેવા અભિયાનોથી ગામડાંના યુવાનોને આત્મનિર્ભરતાની નવી દિશા મળી છે. તેમની જ પ્રેરણાથી ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા પણ રાજ્યના યુવાધનને રોજગાર અને કૌશલ્યના નવા અવસર પ્રદાન કરવામાં આવી રહ્યા છે. જેના પરિણામે આજે ગુજરાતનો દરેક યુવાન ફક્ત નોકરી શોધક નહીં, પરંતુ નોકરીસર્જક બનવા માટે પણ સક્ષમ બન્યો છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

મંત્રીશ્રીએ પંડિત દીનદયાલ ઉપાધ્યાયનું સ્મરણ કરતા જણાવ્યું હતું કે, તેમની વિચારધારા અને દીનદયાલ ઉપાધ્યાય – ગ્રામીણ કૌશલ્ય યોજનાનો હેતુ એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. તેઓ માનતા હતા કે, ગ્રામ્ય ભારતના યુવાનોને શિક્ષણ, કૌશલ્ય અને રોજગારની સમાન તક આપીને તેમને આત્મનિર્ભર બનાવવા, એ જ રાષ્ટ્ર વિકાસનો સાચો માર્ગ છે. આ વિચારને સાકાર કરવા અમલમાં મૂકાયેલી DDU-GKY યોજના આજે ગ્રામ્ય વિસ્તારના યુવાનોને માત્ર રોજગારી જ નહીં, પરંતુ આત્મવિશ્વાસ, નવી આશા અને નવી દિશા આપી રહી છે. આ ઉપરાંત મંત્રીશ્રી દ્વારા સ્વસહાય જૂથને રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવતા વિવિધ પ્રોત્સાહન અને સહાય અંગે તેમજ રાજ્ય સરકારની જી-મૈત્રી અને જી-સફળ જેવી મહત્વકાંક્ષી પહેલ અંગે પણ વિસ્તૃત ભૂમિકા આપવામાં આવી હતી. આ પ્રસંગે ગ્રામ વિકાસ વિભાગના અગ્ર સચિવ શ્રી મિલિન્દ તોરવણેએ સૌનું શાબ્દિક સ્વાગત કરીને સંપૂર્ણ કાર્યક્રમની રૂપરેખા વર્ણવી હતી. તેમણે DDU-GKY અંગે વિગતવાર માહિતી આપતા જણાવ્યું હતું કે, વિકસિત ભારત @ ૨૦૪૭ના સંકલ્પને વિકસીત ગુજરાત થકી સાકાર કરવાની દિશામાં રાજ્યના યુવાધનનું યોગદાન મહત્વપૂર્ણ પૂરવાર થશે. આજે ગ્રામીણ ગુજરાતમાં રોજગારી મેળવવા ઈચ્છુંક યુવાધનને રાજ્ય સરકારની દીનદયાલ ઉપાધ્યાય – ગ્રામીણ કૌશલ્ય યોજના કૌશલ્યવર્ધન તાલીમ ઉપરાંત રોજગારીની બાહેંધરી આપી રહી છે. આ યોજના અંતર્ગત લાભાર્થી યુવાનોને તેમની જરૂરિયાત મુજબના ક્ષેત્રોમાં નિઃશુલ્ક તાલીમ આપીને રોજગારી પૂરી પાડવામાં આવી રહી છે. આ વેળાએ દીનદયાલ ઉપાધ્યાય-ગ્રામીણ કૌશલ્ય યોજનાના વિવિધ લાભાર્થીઓ, તેમના વાલીઓ અને રોજગારી આપતી સંસ્થાના પ્રતિનિધિઓએ DDU-GKY યોજનાના સકારાત્મક લાભો અને પોતાના અનુભવો વર્ણવીને રાજ્ય સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો.

આ સમારોહમાં ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રીમતિ મીરાબેન પટેલ, ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ શિલ્પાબેન પટેલ, ગુજરાત લાઈવલીહૂડ પ્રમોશન કંપનીના મેનેજીંગ ડિરેક્ટર શ્રી સુધીર પટેલ સહિત GLPCના અધિકારી-કર્મચારીઓ, દીનદયાલ ઉપાધ્યાય – ગ્રામીણ કૌશલ્ય યોજનાના લાભાર્થીઓ, તેમના વાલીઓ તેમજ રોજગારી આપતી વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

- નિતિન રથવી/ઋચા રાવલ

# સેવન્થ ડે સ્કૂલમાં વિદ્યાર્થી હત્યા થવા પાછળ સ્કૂલની બેદરકારી આવી સામેઃ પ્રિન્સિપાલ વિરૂદ્ધ ગુનો દાખલ કરાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદ શહેરના ખોખરા વિસ્તારમાં આવેલી સેવન્થ ડે સ્કૂલમાં એક હચમચાવી દેનારી ઘટના બની હતી, જ્યાં એક વિદ્યાર્થીએ બીજા વિદ્યાર્થી પર ચાકુથી હુમલો કર્યો હતો. આ હુમલામાં ધોરણ ૧૦ના વિદ્યાર્થીનું મોત થઈ જતાં સમગ્ર શહેર અને દેશમાં પડઘાં પડ્યા છે.

ઘટના બાદ સ્કૂલની બહાર હજારોની સંખ્યામાં ભીડ ઉમટી પડી હતી. મૃતકના પરિવારજનો, સિંધી સમાજના લોકો, અન્ય વાલીઓ અને હિન્દૂ સંગઠનોએ ભારે વિરોધ કર્યો અને ન્યાયની માગ કરી. ઘટના બાદ શિક્ષણ વિભાગ અને રાજ્યની સ્કૂલઓ પણ ચિંતિત બની છે. આ વચ્ચે હવે સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીની હત્યા મામલે ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સ્કૂલ સામે બેદરકારી બદલ ગુનો દાખલ કરાયો છે. બીજી તરફ આરોપી સગીરને રિમાન્ડ હોમમાં મોકલવામાં આવ્યો છે.

અમદાવાદમાં ચકચારી મચાવનાર સેવન્થ ડે સ્કૂલના વિદ્યાર્થીની હત્યાના કેસમાં એર ચોંકાવનારો વળાંક આવ્યો છે. મળતી માહિતી મુજબ, ક્રાઈમ બ્રાન્ચે આ કેસમાં શાળાને આરોપી બનાવવા માટેની કાર્યવાહી હાથ ધરી છે. અધિકારીઓ પાસેથી મળતી માહિતી મુજબ, ક્રાઈમ બ્રાન્ચે સ્કૂલ મેનેજમેન્ટને સત્તાવાર રીતે આરોપી બનાવવા માટે કોર્ટની મંજૂરી મેળવવાની પ્રક્રિયા શરૂ કરી છે. હકીકતમાં કેસની તપાસ કરનારા અધિકારીઓને આ કેસમાં મેનેજમેન્ટની ગંભીર બેદરકારી જોવા મળી હતી. અમદાવાદની સેવન્થ ડે સ્કૂલ સામે ગુનો દાખલ કરવામાં આવ્યો છે. વિદ્યાર્થીની હત્યાના કેસમાં અલગથી ગુનો દાખલ કરાયો છે. જેમાં સેવન્થ ડે સ્કૂલ અને સ્કૂલના પ્રિન્સિપાલ ડૉ. જી ઈમેન્યુઅલ વિરૂદ્ધ ગુનો નોંધાયો છે. સ્કૂલએ હુમલા અંગે પોલીસને જાણ કરી ન હતી. સ્કૂલ વહીવટી તંત્રની બેદરકારી મુજબ ગુનો નોંધાયો છે. જેમાં કલમ ૨૧૧ અને ૨૩૯ મુજબ સ્કૂલ સામે ફરિયાદ નોંધવામાં આવી છે.

ક્રાઈમ બ્રાન્ચ દ્વારા ઘટનાની તપાસ કરાઈ હતી, જેમાં સ્કૂલની બેદરકારી સામે આવી હતી. મૃતક બાળક ૩૮ મિનિટ સુધી ઈજાગ્રસ્ત હાલતમાં તડપ્યો હતો. આ અંગે સ્કૂલ સંચાલક અને સિક્યુરિટીને જાણ થઈ હોવા છતાં કોઈ પણ પ્રકારની મદદ કે કાર્યવાહી કરી ન હતી.

ઈજાગ્રસ્ત હાલતમાં વિદ્યાર્થીને તરછોડી દેવાયો હતો. વિદ્યાર્થીને સ્કૂલ તરફથી કોઈ પ્રાથમિક સારવાર પણ અપાઈ ન હતી. આ સિવાય સ્કૂલ દ્વારા પોલીસ અને તેના પરિવારને ઘટનાની જાણ કરવા મામલે પણ વિલંબ કરાયો હતો.

સ્કૂલમાં ગાડી અને બસ હોવા છતાં વિદ્યાર્થીને હોસ્પિટલ લઈ ગયા ન હતા. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, તપાસ અધિકારીઓનું માનવું છે કે, વિદ્યાર્થીઓ વચ્ચે વારંવાર ઝઘડો થયું હોવાનું સામે આવ્યું હતું અને એવા પણ સંકેત મળ્યા હતા કે, આ ઝઘડો હજુ થઈ શકે છે. તેમ છતાં સ્કૂલ આ અંગે કાર્યવાહી કરવામાં નિષ્ફળ રહી હતી. જેના કારણે મહિના પહેલાં શરૂ થયેલા આ વિવાદે છેલ્લે હત્યાનું રૂપ લીધું હતું. તેથી ક્રાઈમ બ્રાન્ચ સ્કૂલને ગંભીર બેદરકારી માટે જવાબદાર ગણવા માટેની કાર્યવાહી કરી રહી છે. અત્યાર સુધી આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે બે સગીરની ધરપકડ કરી છે.

"વોટ ચોર, ગાદી છોડ"ના નારા લગાવ્યા

# વોટ ચોરીના આરોપ સાથે ગુજરાતમાં કોંગ્રેસનો દેખાવ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

ગુજરાતમાં કોંગ્રેસ વોટ ચોરીના મામલે આક્રમક મૂડમાં જોવા મળી હતી. ત્યારે આજે (૨૨મી ઓગસ્ટ) સુરતમાં રાજકારણીઓ અને પાટીદાર અનામત આંદોલન માટે એપી સેન્ટર એવા વરાછા રોડ મીની બજારમાં કોંગ્રેસે વોટ ચોરી મુદ્દે દેખાવ કર્યો હતો.

જ્યારે પંચમહાલ અને ગોધરાના સરદાર નગર ખંડ નજીક 'વોટ ચોર, ગાદી છોડ'ના સૂત્રો સાથે કોંગ્રેસ દેખાવ કર્યો હતો. સુરત પાલિકાની ચૂંટણી પહેલા રાજકીય પક્ષોમાં સળવળાટ જોવા મળી રહ્યો છે. અચાનક જ બધા પક્ષના નેતા, કોર્પોરેટરો અને કાર્યકરો સક્રિય થઈ ગયાં છે.

અત્યાર સુધી બે ચાર નેતાઓને બાદ કરતા સુસ્ત કોંગ્રેસ પણ સક્રિય થઈ ગઈ છે. સુરત પાલિકાની ચૂંટણી માટે કાઉન્ટ ડાઉન થઈ રહ્યું છે, ત્યારે કોંગ્રેસ અચાનક સક્રિય થઈ ગઈ છે. કોંગ્રેસે જાહેર કરેલા 'વોટ ચોર, ગાદી છોડ'નો કાર્યક્રમ અંતર્ગત શુક્રવારે સુરતના વરાછા વિસ્તારમાં દેખાવ કર્યો હતો. કોંગ્રેસે દેખાવ કરવા માટે જે સમય આપ્યો હતો તે સમયે ધોધમાર વરસાદ પડ્યો હતો તેમ છતાં કોંગ્રેસીઓ વરસતા વરસાદમાં દેખાવ કરતા નજરે પડ્યાં હતા. કોંગ્રેસના કાર્યકરોએ દેખાવ માટે પાટીદાર અનામત આંદોલન અને ભાજપ- આપ અને કોંગ્રેસ માટે એપી સેન્ટર બનેલા મીની બજાર સરદાર પ્રતિમા પાસેના માનગઢ ચોકની પસંદગી કરવામાં આવી હતી.

પંચમહાલમાં વોટ ચોરી મામલે કોંગ્રેસ દ્વારા દેખાવ કર્યો હતો. ગોધરાના સરદાર નગર ખંડ પાસે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા 'વોટ ચોર, ગાદી છોડ'ના સૂત્રો સાથે દેખાવ કર્યો હતો. કોંગ્રેસી કાર્યકરોએ હાથમાં પ્લેકાર્ડ અને તિરંગા સાથે વોટ ચોરી સામે દેખાવ કર્યો હતો.

શાળા કેમ્પસમાં વાલીઓનો હોબાળો

# સાબરકાંઠામાં વિદ્યાર્થીને માર મારવાની ઘટના સામે આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)સાબરકાંઠા

સાબરકાંઠામાં વિદ્યાર્થીને માર મારવાની ઘટના સામે આવી છે. ડાલીની શેઠ સી.જે.હાઈસ્કૂલમાં વિદ્યાર્થીની માર મરાતા વાલીઓ રોષે ભરાયો.

વાલીઓએ શાળાના કેમ્પસમાં હોબાળો મચાવ્યો. હુમલાને પગલે વિદ્યાર્થી ઘાયલ થતા તેને હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ કરાયો છે. રોષે ભરાયેલા વાલીઓએ કડક કાર્યવાહીની માગ કરતા શાળાના કેમ્પસમાં ઉગ્ર વિરોધ કરી રહ્યા છે. આ વિરોધમાં વધુ કોઈ ગંભીર ઘટના ના બને માટે શાળા સંચાલકોને પોલીસ બોલવવાની ફરજ પડી.

રાજ્યમાં સરસ્વતીના મંદિર સમાન શાળા યુદ્ધનું મેદાન બનવા લાગી છે. અમદાવાદની સેવન્થ ડે સ્કૂલ બાદ રાજ્યની વધુ એક શાળામાં વિદ્યાર્થી પર હુમલાની ઘટના સામે આવી છે. સાબરકાંઠાની શેઠ સીજે હાઈસ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીએ પોતાની જ શાળાના અન્ય વિદ્યાર્થી પર હુમલો કર્યો. વિધર્મી વિદ્યાર્થીઓએ ધોરણ ૭ માં અભ્યાસ કરતા વિદ્યાર્થી સગર ધ્રુવને માર માર્યો. સગરને મારવાના ઘટનાન ઉગ્ર પડઘા પડ્યા અને વાલીઓએ શાળા કેમ્પસમાં ભેગા થઈ હોબાળો મચાવ્યો.

શેઠ સીજે હાઈસ્કૂલ સામેના વાલીઓના વિરોધમાં વડાલી સગર સમાજ સહિત વિશ્વ હિન્દુ પરિષદ બજરંગ દળ જોડાયો. વિધર્મી વિદ્યાર્થીઓ સામે કડક કાર્યવાહી ન થાય તો ઉગ્ર આંદોલનની સંગઠન અને વાલીઓએ ચીમકી આપી. સગરને ઢોર માર મરાતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલ ખસેડાયો. અમદાવાદ અને સાબરકાંઠામાં બનતી ઘટનાઓ શાળામાં વિદ્યાર્થીની સલામતીને લઈને અનેક સવાલો ઉભા કરે છે.

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યમાં પ્રથમવાર એકસાથે ૨૦૫૫ નવીન ગ્રામ પંચાયતોને પોતિકા પંચાયત ઘર નિર્માણ માટે ૪૯૦ કરોડ રૂપિયાનું અનુદાન મંજૂર કર્યું

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે ગ્રામ પંચાયત ઘર કમ તલાટી-મંત્રી આવાસ યોજનામાં ૧૦૦ ટકા સેચ્યુરેશન લાવવાના હેતુસર રાજ્યમાં ૨૦૫૫ નવીન ગ્રામ પંચાયત ઘરો માટે ૪૮૯.૯૫ કરોડ રૂપિયાનું અનુદાન મંજૂર કર્યું છે.

ત્રિસ્તરિય પંચાયતી રાજ વ્યવસ્થાનો મહત્વનો અને પાયાનો એકમ એવી ગ્રામ પંચાયતોને પોતિકા પંચાયત ઘર ઉપલબ્ધ થાય તેવો ઉદ્દેશ્ય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ માતબર અનુદાન મંજૂર કરવામાં રાખ્યો છે.

રાજ્યની જર્જરિત પંચાયત ઘર ધરાવતી અને પંચાયત ઘર ધરાવતી ન હોય તેવી ગ્રામ પંચાયતોને નવીન પંચાયત ઘર તેમજ તલાટી કમ મંત્રી આવાસ નિર્માણ માટે રાજ્ય સરકારના પંચાયત વિભાગ દ્વારા દર વર્ષે બજેટમાંથી નાણાં ફાળવવામાં આવે છે અને જરૂરીયાત મુજબ પંચાયત ઘરોનું નિર્માણ પણ થાય છે.

તદઅનુસાર, ૧૦ હજારથી વધુ વસ્તીવાળા ગામોને રૂ.૪૦ લાખ, ૫ થી ૧૦ હજાર સુધીની વસ્તી ધરાવતા ગામોને રૂ.૩૪.૮૩ લાખ અને ૫ હજારથી ઓછી વસ્તી ધરાવતા ગામોને ૨૫ લાખ રૂપિયાનું અનુદાન ગ્રામ પંચાયત ઘર-તલાટી કમ મંત્રી આવાસ બનાવવા માટે અપાય છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે આ સંદર્ભમાં પ્રથમવાર એકસાથે રાજ્યની ૨૦૫૫ ગ્રામ પંચાયતોમાં નવીન પંચાયત ઘર માટે જે તે ગામની વસ્તી આધારિત યુનિટ કોસ્ટ મુજબ સમગ્રતયા ૪૮૯.૯૫ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે તેના પરિણામે મોટા ભાગની ગ્રામ પંચાયતો આ વર્ષમાં જ પોતાના મકાનોનું નિર્માણ કાર્ય હાથ ધરી શકશે.

એટલું જ નહિ, આધુનિક સવલતો સાથેની ગ્રામ પંચાયત કચેરીઓ દ્વારા નાગરિકોને ગ્રામ્ય સ્તરે જ સરળતાથી અને ઝડપી સરકારી સેવાઓ મળી રહે એવો સકારાત્મક અભિગમ પણ મુખ્યમંત્રીશ્રીએ અપનાવ્યો છે.

આ ઉપરાંત પંચાયત વિભાગની અન્ય યોજનાઓમાં આવરી લેવાયેલી ગ્રામ પંચાયતોમાં પણ આવા પંચાયત ઘરોના નિર્માણમાં ૧૦૦ ટકા સેચ્યુરેશન લાવવાની કામગીરી પ્રગતિમાં છે.

આ કામગીરી પૂર્ણ થતાં રાજ્યની બધી જ ગ્રામ પંચાયતો પોતિકા ગ્રામ પંચાયત ઘરોથી સુસજ્જ બનશે અને ગ્રામીણ નાગરિકોને ઘર આંગણે જ ઝડપી સરકારી સેવાઓ મળતી થશે.

# છેલ્લાં ૨૪ કલાકમાં રાજ્યમાં ૩૩ જિલ્લાના ૨૧૨ તાલુકામાં વરસાદ

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

રાજ્યમાં વરસાદી માહોલ વચ્ચે ગત ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૩૩ જિલ્લાના ૨૧૨ તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. જે અંતર્ગત સૌથી વધુ વલસાડ જિલ્લાના પારડી તાલુકામાં ૪ ઈંચ જેટલો અને ધરમપૂર તાલુકામાં ૩ ઈંચ જેટલો વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત નવસારીના ખેરગામ, વલસાડના કપરાડા તેમજ સાબરકાંઠા જિલ્લાના તલોદ તાલુકામાં ૨ ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો છે, તેમ સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર-SEOC, ગાંધીનગરની યાદીમાં જણાવ્યું છે. તા. ૨૨ ઓગષ્ટ, ૨૦૨૫ના રોજ સવારે ૬:૦૦ કલાક સુધીમાં રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૬૮૧.૧૪ મિમી એટલે કે ૭૭.૨૪ ટકા નોંધાયો છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૮૦.૫૧ ટકા, કચ્છ વિસ્તારમાં ૮૦.૨૬ ટકા, સૌરાષ્ટ્રમાં ૭૭.૩૯ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૫.૮૭ ટકા અને સૌથી ઓછો પૂર્વ મધ્ય ગુજરાતમાં ૭૩.૪૦ ટકા સરેરાશ વરસાદ વરસ્યો છે. ભારતીય હવામાન વિભાગ દ્વારા ગુજરાતનાં દરિયા કિનારાના વિસ્તારોમાં માછીમારોને તા. ૨૨ થી ૨૫ ઓગષ્ટ, ૨૦૨૫ સુધી દરિયો ન ખેડવા ચેતવણી પણ આપવામાં આવી છે. આજે સવારે ૮:૦૦ કલાક સુધીમાં ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ ૮૦.૮૪ ટકા તેમજ અન્ય ૨૦૬ જળાશયો કુલ સંગ્રહ ક્ષમતાના ૭૫.૭૪ ટકા જેટલા ભરાઈ ગયા છે. આમ, સમગ્ર રાજ્યમાં વરસાદના પગલે ૭૩ ડેમને હાઈ એલર્ટ, ૩૫ ડેમને એલર્ટ અને ૧૬ ડેમ માટે વોર્નિંગ આપવામાં આવી છે.

રાજ્યમાં ચોમાસાની ઋતુ દરમિયાન તા. ૦૧ જૂન, ૨૦૨૫ થી આજ દિન સુધીમાં વરસાદના પગલે વહીવટી તંત્ર દ્વારા ૫,૨૦૫ નાગરિકોનું સુરક્ષિત સ્થળે સ્થળાંતર કરવામાં આવ્યું છે, તેમજ ૯૦૦ નગરિકોનું રેસ્ક્યૂ કરીને બચાવી લેવામાં આવ્યા છે.

વધુમાં, વહીવટી તંત્ર દ્વારા ૧૨ NDRFની ટીમ તેમજ ૨૦ SDRFની ટીમ ડિપ્લોય કરવામાં આવી છે, આ ઉપરાંત ૦૧ દ્રહ્રઈહ્નની અને ૧૩ SDRFની ટીમ હેડ ક્વાર્ટર ખાતે રિઝર્વ રાખવામાં આવી છે. આગામી સાત દિવસ રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદની આગાહી હવામાન વિભાગે વ્યક્ત કરી છે. હવામાન વિભાગ મુજબ આજે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વરસાદનું રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જ્યારે સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાત અને ઉત્તર ગુજરાતના ૧૦ જિલ્લા અને બે સંઘ પ્રદેશ દમણ અને દાદરાનગર હવેલી વરસાદનું ઓરેન્જ એલર્ટ છે.

# ભરૂચમાં સાસરિયાના ત્રાસથી પરિણીતાએ આપઘાત કર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભરૂચ

ભરૂચના વાગરા તાલુકાના સંભેટી ગામની પરિણીતા ઉમલા પઢિયાર સાસરિયાના અમાનુષી ત્રાસથી ઘરમાં જ જ્વલનશીલ પદાર્થ પોતાના પર છાંટી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જોકે, બાદમાં તેને તાત્કાલિક ધોરણે ભરૂચની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી, જ્યાં સારવાર દરમિયાન તેનું મોત નિપજ્યું હતું. હાલ, આ મામલે પોલીસે સાસુ, નણંદ અને પતિ સામે ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરી છે.

ભરૂચના દહેજ પોલીસ સ્ટેશનમાં મૃતકના પિતા હરિભાઈ પટેલે પોલીસ ફરિયાદ નોંધાવી આક્ષેપ કર્યો છે કે, 'મારી દીકરી પર તેનો પતિ, સાસુ કમળા પઢિયાર અને નણંદ ગીતા પઢિયાર ગંભીર પ્રકારનો ત્રાસ ગુજારતા હતા. જ્યારે મારી દીકરી મારા ઘરે આવી હતી, ત્યારે પણ તે કહેતી હતી કે, તેનો પતિ ભરત તેને ઘરમાં પૂરીને ખૂબ માર મારે છે અને સાસુ તેમજ નણંદ ગીતા પઢિયાર પણ સતત ટોર્ચર કર્યા કરે છે. તેની નણંદ જ્યારે તેના ઘરે જાય ત્યારે મૃતક પરીણિતા સાથે ઝઘડો કરતી અને ત્રણેય ભેગા થઈને તેને માર મારતા હતા.'

ફરિયાદીએ જણાવ્યું કે, 'મારી દીકરીએ મને ફોન કર્યો હતો અને તે રડતી-રડતી કહેતી હતી કે, આવી રીતે જીવવું એના કરતા તો મરી જવું સારૂ. ત્યારે મેં તેને આશ્વાસન આપ્યું હતું કે, બધું સારૂ થઈ જશે. પરંતુ, તેનો પતિ, સાસુ અને નણંદ સુધરવાનું નામ નહતા લેતા. આખરે ત્રણેયના માનસિક ત્રાસથી તેણે પોતાના શરીર પર જ્વલશીલ પદાર્થ છાંટી શરીરને આગ લગાવી જીવન ટૂંકાવવાનો નિર્ણય લીધો હતો.'

આ મામલે પોલીસે ફરિયાદના આધારે મૃતકના પતિ ભરત પઢિયાર, સાસુ કમળા પઢિયાર, નણંદ ગીતા પઢિયાર સામે ગુનો દાખલ કરી તેમની ધરપકડ કરી છે.

નોંધનીય છે કે, મૃતકના પતિએ અગાઉ પણ એક મહિલા સાથે લગ્ન કર્યા હતા અને તેણે પણ માનસિક ત્રાસથી કંટાળી છૂટાછેડા લીધા હતા. તે મહિલાના પરિવારોનું પણ નિવેદન લઈ મૃતકનો પતિ ગંભીર પ્રકારનો ત્રાસ આપતો હોવાનું સામે આવ્યું છે.

અન્ય બે બોટના ૯ ખલાસીનું રેસ્ક્યૂ

# જાફરાબાદના તોફાની દરિયામાં ૧૧ માછીમારો ૪ દિવસથી લાપતા

(સંપૂર્ણ સમાચાર સેવા)જાફરાબાદ

છેલ્લા ત્રણ દિવસથી અમરેલી જિલ્લામાં દરિયો તોફાની બન્યો છે. જેના કારણે માછીમારો અને ફિશિંગ બોટો પર ભારે જોખમ ઊભું થયું છે. આ પરિસ્થિતિમાં ૩ દિવસ પહેલાં ૩ ફિશિંગ બોટ ડૂબી જવાથી ૧૧ માછીમારો હજુ પણ લાપતા છે, જેમને શોધવા માટે કોસ્ટગાર્ડની ટીમ સતત કામ કરી રહી છે.

લાપતા થયેલા ૧૧ માછીમારોની શોધખોળ ચાલુ હતી તે દરમિયાન, શિયાળબેટની વધુ બે બોટ અને તેમા સવાર ૯ ખલાસીઓ સાથેનો સંપર્ક તૂટી જતાં નવી ચિંતા ઊભી થઈ હતી. આ બે બોટના નામ 'ધનવંતી' અને 'લક્ષ્મીપ્રસાદ' હતા. જોકે, આ બોટ અને ખલાસીઓ હેમખેમ મળી આવતાં સૌએ હાશકારો અનુભવ્યો હતો. પહેલા 'ધનવંતી' બોટ અને તેના ખલાસીઓ મળી આવ્યા હતા અને તેમને પરત લાવવામાં આવ્યા હતા. ત્યારબાદ 'લક્ષ્મીપ્રસાદ' બોટનો પણ સંપર્ક થઈ જતાં તેને પણ કિનારે લાવવાની કામગીરી શરૂ કરવામાં આવી હતી. જાફરાબાદના દરિયામાં ભારે કરંટ આવતા વહીવટી તંત્રએ તમામ માછીમારોને પરત ફરવાનો સંદેશ આપ્યો હતો. આ સંદેશ મળતા ૫૦૦થી વધુ બોટ દરિયામાંથી કિનારે પરત ફરી હતી. જોકે, આ દરમિયાન જાફરાબાદની ૨ અને રાજપરાની ૧ બોટ ડૂબી ગઈ હતી. આ ઘટનામાં ૧૭ માછીમારોને બચાવી લેવાયા હતા, પરંતુ ૧૧ માછીમારો હજુ પણ લાપતા છે. આ લાપતા માછીમારોને શોધવા માટે છેલ્લા ૪૮ કલાકથી કોસ્ટગાર્ડના જહાજ અને હેલિકોપ્ટર દ્વારા સઘન શોધખોળ ચાલી રહી છે.

વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, જાફરાબાદ અને આસપાસના વિસ્તારની કુલ ૭૦૦થી વધુ બોટ છે, જેમાંથી મોટાભાગની બોટ આજે સવાર સુધીમાં સુરક્ષિત રીતે કિનારે પહોંચી ગઈ છે. જે બોટના એન્જિન દરિયામાં બંધ પડી ગયા હતા, તેમને પણ કિનારે લાવવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

લાપતા થયેલા ૧૧ માછીમારો
ચીથર પાંચા બારૈયા, ધારાબંદર
વિજય છગન ચુડાસામા, રાજપરા
વિનોદ કાળુ બાંભણીયા, રાજપરા
પ્રદિપ રમેશ ચુડાસામા, રાજપરા
દિનેશ બાબુ બારૈયા, જાફરાબાદ
હરેશ બિજલ બારૈયા, જાફરાબાદ
મનસુખ ભાણા શિયાળ, શિયાળબેટ
વિનોદ ઢીસા બારૈયા, જાફરાબાદ
વિપુલ વાલા ચૌહાણ, જાફરાબાદ
ચંદુ અરજણ બારૈયા, જાફરાબાદ
કમલેશ શાંતિ શિયાળ, શિયાળબેટ

કચ્છના ગાંધીધામમાં લૂંટ વિથ મર્ડરની ઘટના

# કચ્છમાં બસમાં ઉતરીને જતા યુવકની લૂંટારૂઓએ કરી હત્યા

**પોલીસે આસપાસના સીસીટીવી પણ તપાસ માટે લીધા છે, જાહેર રોડ પર આ હત્યા કરી દેવામાં આવી છે**

(સંપૂર્ણ સમાચાર સેવા)કચ્છ

કચ્છના ગાંધીધામમાં લૂંટ વિથ મર્ડરની ઘટના બની છે જેમાં બસમાંથી યુવક ઉતરીને જઈ રહ્યો હતો તે દરમિયાન લૂંટારૂઓએ તેને લૂંટી લીધો અને તેની હત્યા કરી નાખી છે,

ઘટનાની જાણ થતાની સાથે ગાંધીધામ પોલીસે વધુ તપાસ કરી છે અને પોલીસે આસપાસના સીસીટીવી પણ તપાસ માટે લીધા છે, જાહેર રોડ પર આ હત્યા કરી દેવામાં આવી છે. કચ્છમાં બસમાં ઉતરીને જતા યુવકની લૂંટારૂઓએ હત્યા કરી નાખી છે, બાઈક પર આવેલા શખ્સોએ લૂંટનો પ્રયાસ કર્યો હતો જેમાં લૂંટારૂઓ અને મૃતક વચ્ચે ઝપાઝપી થતા યુવકને છરી મારી હતી અને તેની પાસે રહેલી વસ્તુઓ લૂંટવાનો પ્રયાસ કર્યો હતો, સુનિલ કન્યા નટ નામના યુવકનું છરી વાગતા મોત થયું છે, ગાંધીધામ બી ડિવિઝન પોલીસે હત્યા અને લૂંટનો ગુનો નોંધીને વધુ તપાસ હાથધરી છે, મહત્વનું છે કે, લૂંટારૂઓ આવી રીતે લૂંટને અંજામ આપતા રહે છે અને પોલીસ આરોપીને ઝડપીને વાહ વાહ લૂંટતી હોય છે.

ગાંધીધામના જવાહર નગર પાસે મોડી રાત્રે લૂંટ વિથ હત્યાની ઘટના બની છે, પોલીસને ઘટનાની જાણ થતાની સાથે જ પહોંચી હતી અને વધુ તપાસ હાથધરી હતી, યુવકના મૃતદેહને પીએમ માટે ખસેડાયો છે અને પીએમ થયા બાદ મૃતદેહ પરિજનોને સોંપવામાં આવશે, યુવકની હત્યા થઈ છે તે યુવક પરપ્રાંતિય હોવાનું સામે આવ્યું છે, ત્યારે આ ઘટનામાં આરોપીઓ ક્યારે પોલીસની પકડમાં આવે છે તે જોવાનું રહ્યું. લૂંટારૂઓ જાણભેદુ છે કે પછી કોઈને પણ લૂંટવાની માનસિકતા ધરાવે છે તે આરોપી ઝડપાશે પછી જ નક્કી કરી શકાશે.

# વડોદરા શહેરમાંથી ત્રણ લકઝરી બસ ચોરી કરનાર આરોપી ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)વડોદરા

વડોદરાના અટલાદરા વિસ્તારમાંથી થોડા સમય પહેલા શંકરદાદા ટ્રાવેલ્સની એક મીની બસની ચોરી થઈ હતી જે અંગે અટલાદરા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ થયો હતો. પોલીસે આરોપીને ઝડપી પાડવા માટે જુદી જુદી ટીમ બનાવી દરેક રોડ પર ટેકનિકલ સોર્સ તથા સીસીટીવી કેમેરાના આધારે તપાસ હાથ ધરી હતી. તે દરમિયાન ખિસકોલી સર્કલ વિશ્વામિત્ર નજીક એક વ્યક્તિ શંકાસ્પદ હાલતમાં મળી આવતા તેને રોકી પૂછપરછ કરતા તેણે પોતાનું નામ ધર્મેન્દ્ર ઉર્ફે ધર્મેશ બાબુભાઈ બારૈયા (રહેવાસી- મંગલમૂર્તિ અપાર્ટમેન્ટ, નરોડા, અમદાવાદ ) હોવાનું જણાવ્યું હતું.

પાંચ દિવસ પહેલા અટલાદરા આનંદ પાર્ટી પ્લોટની સામેથી એક મીની બસની ચોરી કર્યો હોવાનું કબૂલ્યુ હતું. જે બસ પાદરાના બજરંગ નગર ઝુંપડપટ્ટીના ગ્રાઉન્ડમાંથી મળી આવી હતી. તેમજ ૨૫ દિવસ પહેલા જેપી રોડ પોલીસ સ્ટેશન તથા કારેલીબાગ પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી પણ બે બસ ચોરી હતી જે બંને બસો નરોડા તેમજ રાજકોટ ખાતેથી કબજે કરવામાં આવી છે. પોલીસે આરોપી પાસેથી ત્રણ બસ રીકવર કરી છે. આરોપી સામે અગાઉ ચાર ગુના ચોરીના નોંધાયેલા છે.